Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# શ્રી આત્માનંદ પ્રકાશ



SHRI ATMANAND PRAKASH


## ચિત્તની સમતા

જીવન હંમેશાં એકસરખું કદાપિ નહીં હોવાનું. પરિસ્થિતિ, સંયોગ, કાર્યની વિવિધતા, કર્તવ્યના વધતા ઓછા વિકટ પ્રસંગો, તેજ પ્રમાણે આપણી અને બીજાની જરા, વ્યાધિ. મૃત્યુ એ અવસ્થાઓ, ઘરની અને બહારની અડચણો, તો કદી જન્મ-લગ્ન જેવા આપણા કુટુંબના આનંદ ઉત્સવના પ્રસંગો, કદી કઠણ પ્રવાસ તો કદી આરામ, કદી માન અપમાનના સાર્વજનિક પ્રસંગો, કદી સજ્જન સાથે, તો કદી દુર્જન સાથે યોગ, કદી બીજાના તો કદી પોતાના મનની કમજોરી, કદી વસ્તુઓની વિપુલતા તો કદી દુર્મિલતા. અનાવૃષ્ટિ, અતિવૃષ્ટિ, મહાપૂર, રોગચાળો, સુકાળ, દુકાળ, ભૂકંપ. હુલ્લડો જેવા આસમાની સુલતાનીના પ્રસંગો. સારાંશ કદી કાંઇ કદી કાંઈ જેવા સુખદુઃખ યોગ માનવ જીવનમાં ચાલુ હોવાના જ. આ બધામાં પોતાનું ચિત્ત સમ રાખવાનું સાધી શકાય તો જીવનમાં બધું જ સાધ્યું એમ સમજવું.

—કેદારનાથજી


પ્રકાશક:-
શ્રી જૈન આત્માનંદ સભા
ભાવનગર

પુસ્તક ૫૭
અંક
૧૦-૧૧

શ્રાવણ
ભાદરવો
સં. ૨૦૧૬


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# विसयानुक्रम


| | | | |
|---|---|---|---|
| ૧ | પર્યુષણ પર્વ નિમિત્તે પ્રભુ સ્તુતિ | (વિ.) | ૧૨૫ |
| ૨ | પર્વાધિરાજ પર્યુષણપર્વ | (મુનિરાજ શ્રી લક્ષ્મીસાગરજી મહારાજ) | ૧૨૬ |
| ૩ | પુષ્પ અને પરાગ | ( રતિલાલ દીપચંદ દેસાઈ ) | ૧૨૭ |
| ૪ | શ્રીમંત અને શ્રીમત્ત | ( સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ ) | ૧૩૨ |
| ૫ | જીવન અને તત્વજ્ઞાન | (પ્રાધ્યાપક જયંતિલાલ ભાઈશંકર દવે) | ૧૩૫ |
| ૬ | માનવતાવાદી સમાજવાદનો આધાર શિલા-અહિંસા | ( અનુ. હિંમતલાલ ર યાજ્ઞિક ) | ૧૩૭ |
| ૭ | શ્રી મહાવીર પરમાત્માનું જીવન | ( શ્રી ફતેચંદ ઝવેરભાઈ ) | ૧૪૧ |
| ૮ | શ્રાવકપદનો અધિકારી કોણ ગણાય ? | ( દેસાઈ વાલજી ગોવિંદજી ) | ૧૪૪ |
| ૯ | ચિંતન અને મનન | | ૧૪૬ |
| ૧૦ | સમાચાર સાર | | ૧૪૮ |


---

આ વખતનો "શ્રી આત્માનંદ પ્રકાશ" નો અંક શ્રાવણ-ભાદરવાના અંક ૧૦—૧૧ તરીકે પ્રસિદ્ધ થાય છે. એટલે હવે પછીનો આસો માસનો અંક તા. ૧૫મી ઓક્ટોબરના રોજ પ્રસિદ્ધ થશે.

---

# તુરત વસાવી લેવા જેવા અલભ્ય ગ્રંથો

## ચાતુર્માસ અંગે ખાસ રાહત

ચાતુર્માસ અંગે નીચેના ગ્રંથો જો આપની પાસે ન હોય તો તુરત વસાવી લેવા વિનંતિ છે :—

### ગુજરાતી-સાહિત્ય

**શ્રી પાર્શ્વનાથ ચરિત્ર.** પ્રાસંગિક રંગબેરંગી ચિત્રો સહિતનો મહાન ગ્રંથ મૂલ્ય રૂા. ૧૩–૦

**કથારત્નકોષ** ભાગ ૧ લો. " રૂા. ૧૦–૦

**કથારત્નકોષ** ભાગ ૨ જો. " રૂા. ૮–૦

બન્ને ભાગમાં અનોખી ભાત પાડતી નવીન કથાઓનો સંગ્રહ રજૂ કરવામાં આવેલ છે. બન્ને ભાગની કિંમત રૂા. ૧૮ થાય છે. એમ છતાં બન્ને ભાગના રૂા. ૧૪) માત્ર લેવામાં આવશે.


| | | | |
|---|---|---|---|
| **દમયંતી ચરિત્ર** | રૂા. ૬=૫૦. | **કથાદીપ** | રૂા. ૧=૫૦. |
| **સંઘપતિ ચરિત્ર** | રૂા. ૬=૫૦. | **ધર્મકૌશલ્ય** | રૂા. ૧=૭૫. |
| **શ્રેયાંસનાથચરિત્ર** | રૂા. ૭=૫૦. | **જ્ઞાનપ્રદીપ ભા. ૧-૨-૩** | રૂા. ૮=૦૦. |

ઉપરના તમામ ગ્રંથો પૈકી રૂા. ૭૫થી વધારે કિંમતના ગ્રંથો મંગાવનારને ચાતુર્માસ અંગે ખાસ કેસ તરીકે ૨૫ ૦/૦ કમીશન કાપી આપવામાં આવશે અને રૂા. ૭૫થી ઓછી કિંમતના ગ્રંથો લેનારને ૨૦ ૦/૦ કમીશન કાપી આપવામાં આવશે.

લખો :-**શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




વર્ષ ૫૭ મું ] શ્રાવણ-ભાદરવો તા. ૧૫-૮-૬૦ [ અંક ૧૦-૧૧

# પર્યુષણ પર્વ નિમિત્તે પ્રભુ સ્તુતિ

વસંત તિલકા

નિત્યે સકામી જનના ભયને હરિને,
નિષ્કામ જે જીનવરા કરતા ભવીને;
સંસારી માનવ તણાં ચરિતો સુધારે,
સંસાર સાગર અખિલ તરેજ પોતે.
પોતે સદાય સ્થિરભાવ વિષે રહેતા,
અસ્થૈર્ય ધારણ કરે જ વિહાર કાળે;
તેવા વિરાગી પ્રભુના પદકંજ માંહે,
પર્યુષણે પ્રણમતા ભવિકો સુભાવે;

વિ.

# મિચ્છામિ દુક્કડં

ત્રોટક

મન વાણી અને કદિ કાય થકી, કંઇ જીવ વિરાધન હોય કર્યું;
રતિ દ્વેષ ધરી કપટી હૃદયે, કદિ આચાર્યું ક્રૂરપણું જ હશે,
અવિનીત બની અપમાન કીધું, શુશ્રૂષા ન કરી ગુરુની મનથી;
શુભ ભાવ વડે જ ખમાવું સહુ, અપકૃત્ય પવિત્ર સુપર્વ મહિ.

વિ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પર્વાધિરાજ પર્યુષણાપર્વ

( હરિગીત )

**પર્વાધિરાજ** ગણાય આ, પર્યુષણા સત્ શાસ્ત્રથી
અષ્ટાહ્નિકા ઉત્સવ કરો, ઉ ત કૃ ષ્ટ આત્મિક ભાવથી
તપ જપ અને જિનરાજ પૂજા, કલ્પસૂત્ર શ્રવણુ યથા,
ત્રિવિધ ધર્મ પ્રભાવના, વાત્સલ્ય સ્વામીનું તથા. ૧

ઉદ્ઘોષણા જ અમારીની, પ્રતિક્રમણ વાર્ષિક નેમથી,
મન વચન કાય થકી કરો, ગુરૂ સાથ ધાર્મિક પ્રેમથી;
મૈત્રી પ્રમોદ કરૂણા અને, માધ્યસ્થ્ય ભાવ વિચારતા,
પ્રાણી સકળ છે આત્મવત્, સ્યાદ્વાદદષ્ટિ સ્થાપતા. ૨

દુષ્કૃત્ય મિથ્યા આપણુ, ગત વર્ષના એ રીતથી,
કરીએ પરસ્પર ભ્રાત હે ! આત્મિક સહ સ્વભાવથી;
પર્યુષણાયે વિધિથી, આરાધજો ભવિજન તમે,
ઉપદેશ **લક્ષ્મીસાગરનો**, રસપાન અમૃતસમ ગમે.

## ક્ષામાપના

મનથી, તથા તનથી, વચનથી, વેર જે બાંધ્યું ખરે,
હા ! હા ! ખમાવું હું ખમીને પાપને ખમજો અરે;
વીતરાગ વાણીમાં ધરી, અનુરાગ આ દીલ ઉચ્ચરે,
રજ માત્ર દીલકો ના દુભાવશો મુજ થકી કો અવસરે.

મુનિરાજ શ્રી. **લક્ષ્મીસાગરજી** મહારાજ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# પુષ્પ અને પરાગ

ભગવાન મહાવીરના જીવનના કેટલાક પ્રસંગો

શ્રી રતિલાલ દીપચંદ દેસાઇ

આકાશની જળભરી વાદળી; જરા એની વાત તો સાંભળો !

મહાસાગરનાં અગાધ જળ : કંઈ કેટલાં ખારાં ! કંઈ કેટલાં ડહોળાં ! ન કોઈની પ્યાસ બુઝાવે ! ન કોઈનાં કામ સારે !

આકાશનાં સૂરજ તપે : ધરતી ધખધખે; હવા લ્હાય જેવી બની જાય; સાગરનાં પાણી ખદખદી ઊઠે.

એવે વખતે સાગરનો દેવ કોઇ જોગી–જોગંદરની પેઠે આકરાં તપ–જપ આદરે—પોતાના અંતરની ખારાશને દૂર કરવા; પોતાની કાયાના મેલને પ્રજાળી નાખવા.

કાળ પાકે અને સાગરદેવનાં તપ ફળે. ખારાશ અને મેલના ભારબોજવાળાં પાણી અગ્નિમાં તપીતપીને હળવાફૂલ થાય, અને વરાળ બનીને ઊંચે ઊંચે જાય—કોઈ સિદ્ધ જોગીનો જીવ કાયાના ભાર તજીને ઊંચે જાય એમ.

આકાશનો દેવ રૂના પોલ જેવી એ વરાળોને ઝીલી લે; ઝીલી ઝીલીને એનો સંઘરો કરે; એ જ આકાશની જળભરી વાદળી.

ધરતીનું—સાગરના ખારા ને મેલા જળના બદલામાં મીઠું અને નિર્મલ નીર પાછું અપાવવાનાં એનાં વ્રત.

એ પોતેય સુખી થાય અને આખી દુનિયાને સુખી કરે. એના દાને ફળ ઉગે, ફુલ ખીલે અને ધરતી ધાનથી ભરી ભરી બની જાય. મહેરામણનાં મોતી પણ આ દાનમાંથી નીપજે.

જેવી આ વાદળી એવા જ આત્માના સાધકો, અવતારી આત્માઓ અને તીર્થંકરો : પોતે તરે અને દુનિયાને તારે ! પોતે ઊંચે ચડે અને દુનિયાને ઊંચે ચડાવે ! પોતે અનંત સુખને પામે અને આખી દુનિયાને અનંત સુખને માર્ગે દોરે !

એવા જ હતા શ્રમણ ભગવાન મહાવીર : પોતે કેટલાં આકરાં તપ તપ્યાં, કેટલાં દુઃખો સહન કર્યાં અને અંતરને નિર્મળ કરવા કાયાને કેટકેટલાં કષ્ટોની ભઠ્ઠીમાં તપાવી ! અને છેવટે, મેઘના નિર્મળ અને મીઠાં જળની જેમ, એ મહાપ્રભુની અહિંસા, મહાકરુણા અને મહાપ્રજ્ઞાનાં અમૃત સંસારને કેટલી શાતા આપી ગયા !

એ કરુણાસાગર પ્રભુનાં થોડાંક દર્શન કરીએ.

## [ ૧ ]
## સર્યું આવા ચમત્કારથી !

સંસાર તો લોભિયા—ધુતારાનો ખેલ !

અણહકનું મળે ત્યાં સુધી કેડ વાંકી વાળવાનું મન જ કોણ કરે ? એટલે પછી ધુતારાઓ ચમત્કારને નામે, મંત્ર—તંત્રને નામે ફાવી જાય એમાં શી નવાઇ ? ચમત્કારે નમસ્કારનો ખરો ખેલ જામે !

મગધ દેશમાં મોરાક નામનું ગામ.

ગામમાં એક પાખંડી રહે : અચ્છંદક એનું નામ. મંત્ર, તંત્ર અને સિદ્ધિઓની એ કંઈ કંઈ વાતો કરે. લોક તો અજ્ઞાન અને અંધશ્રદ્ધાળુ; ચમત્કારની જરાક વાત સાંભળે કે બધું કામકાજ મૂકીને ટોળે વળી જાય; અને ચમત્કારની નાની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સરખી વાતને સોગણી વધારીને કહે ત્યારે જ એને આનંદ થાય! આમ વાત વા વેગે બધે ફેલાઈ જાય.

દુનિયામાં દુઃખિયા, રોગિયા—દોગિયા અને દરિદ્રનો કયાં પાર છે? કોઈ તનનો દુઃખી, કોઈ મનનો તો વળી કોઈ ધનનો! વહેમ, વળગાડ અને કામણ—ટ્રમણ તો જ્યાં જુઓ ત્યાં ભર્યાં પડ્યાં છે! અને લોભ—લાલચ અને મોહ—મમતાની પણ કયાં મણા છે?

આવું હોય ત્યાં પાખંડીની બોલબાલા.

અચ્છંદક તો કંઈ કંઈ રંગ કરતો જાય: ભોળા લોક તો સમજે કે કેવો ત્યાગી અને કેવો યોગી! ન થાય એ કરી બતાવવું એ તો જાણે એનું જ કામ!

અચ્છંદકનો ધંધો તો ધીકતો ચાલવા લાગ્યો.

કાળને કરવું ને ભગવાન મહાવીર મોરક ગામે આવ્યા અને ગામ બહાર રહ્યા.

એમના જાણવામાં અચ્છંદકના ચમત્કારની વાત આવી.

એમણે જોયું કે દિવસે સાધુ—સંત યોગી થઇને રહેતો અચ્છંદક રાતે ન કરવાનાં કામો કરે છે, ન ખાવાનું ખાય છે અને શેતાનને શરમાવે એવાં પાપ આચરે છે.

ભગવાન તો કરુણાનો અવતાર: એમને થયું આમાં તો લોકો ડૂબશે, અને અચ્છંદક પણ ડુબશે.

કંઈક ઉપાય કરવો ઘટે.

પણ એમણે જોયું કે ચમત્કાર વગર લોક નહીં માને.

ભગવાન તો ભારે જ્ઞાની: બહારના ને ભીતરના બધાય ભેદ પળમાં ભાખી દે! એમણે તો કોઇના મનની વાત કહી-તો કોઈની છાની વાત કહી બતાવી.

લોક તો પાણીના પ્રવાહ જેવું: ઢાળ જુએ ત્યાં દોડવા લાગે. એ તો અચ્છંદકને ભૂલીને ભગવાનની તરફ વળવા લાગ્યું.

અચ્છંદક બહુ અકળાયો. એને તો આ કહેથી મધ વેરાઇ જતું લાગ્યું. એણે ભગવાનને ભોંઠા અને ખોટા પાડવાનો પ્રયત્ન કર્યો, ભય બતાવ્યો, લાલચ આપવામાંય મણા ન રાખી પણ ભગવાન તો એકેથી પાછા ન પડ્યા.

ભગવાનના ચમત્કારની કંઈ ને કંઈ વાતો ફેલાવા લાગી.

પણ ભગવાન તો આત્મસાધના કરવા નીકળેલા યોગી; આત્મામાં પરમાત્માને પ્રગટાવવા એમણે રાજ-પાટ, ધનદોલત અને કુટુંબકબીલો તજેલાં એમને તો અંતરની શુદ્ધિ સિવાય બીજું કશું ન ખપે.

એ તો તરત ચેતી ગયા: ચમત્કારનો માર્ગ તો સાચને ભૂલવાનો અને આત્માને ખોવાનો માર્ગ: એમાં તો આપણેય ઠગાઈએ અને દુનિયાય ઠગાય: ચપટી બોર સારુ હીરાની વીંટી આપી દેવા જેવો એ તો ખોટનો ધંધો!

પહેલાં આત્માને તારવો; પછી જ દુનિયાના ઉદ્ધારનો વિચાર કરવો; કલ્યાણનો એ જ સાચો માર્ગ.

ભગવાને મનમાં ગાંઠ વાળી: સર્યું! આવા ચમત્કારથી. અને લોકોને સાવધાન કરીને ત્યાંથી બીજે વિહરી ગયા.

કંચન કે કીર્તિની કોઈ કામના એ યોગીને રોકી ન શકી.

[ ૨ ]

## દુઃખ તો સુખની ખાણ!

અગ્નિમાં તપવાનું કષ્ટ સહે તો જ કુંદન સો ટચ શુદ્ધ થવાનું સુખ મેળવે.

પ્રસૂતિની કારમી પીડામાંથી જ માતૃત્વનું દિવ્ય સુખ પ્રગટે છે.

મરજીવાને જ મહેરામણ મોતીના દાન કરે!
મહેનત વગર ફળ નથી.
તપ વગર આનંદ નથી.
દુઃખ વગર સુખ નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભગવાન તો આત્માના કુંદનને ધમવા નીકળ્યા હતા. જે માર્ગે આત્મા વધારે કસોટીએ ચડે એ જ એમનો માર્ગ : ભલે પછી એ માર્ગે જતાં ગમે તેવાં સંકટ આવી પડે.

એક વાર ભગવાને વિચાર્યું : પોતાને ઓળખતા હોય એવા પ્રદેશોમાં ફરવામાં શી વડાઈ ? આત્માને તાવવો હોય તો અજાણ્યા પ્રદેશમાં જવું અને જે દુઃખ આવી પડે તે સમભાવે સહન કરવું; તો જ આત્મા રાગ અને દ્વેષના સાણસામાંથી છૂટો થાય, અને વીતરાગપણાને પામે.

ભગવાન તો ચાલ્યા લાટ દેશમાં.

એ દેશ પણ કેવો ? અને ત્યાંના માનવી પણ કેવાં ? ભારે દુર્ગમ એ દેશ અને ભારે ઘાતકી ત્યાંનાં માનવી ! માણસાઈ, દયા કે ભક્તિને તો કોઇ જાણે જ નહીં. વગર વાંકે માર મારે અને વગર કારણે હેરાન કરે !

કોઇકે કૂતરા કરડાવ્યા, તો કોઇએ માર મારીને હાંકી કાઢ્યા. ખાવાનું પણ ક્યારેક લૂખુંસૂકું મળે તો બહુ સમજવું. ભગવાનના શરીરમાંથી માંસ કાપી લેતાં પણ એમને આંચકો ન લાગતો. એમના ઉપર ધૂળ ઉડાડવી, એમને નીચે પાડી દેવા એ તો એમને મન રમતવાત !

પણ ભગવાન તો બધું સમજીને ત્યાં ગયા હતા. એ જાણે મનને કહેતા : સામે મોંએ ચાલીને આ કષ્ટો માંગી લીધાં છે, પછી પાછા હઠવાનું કેવું ?

એમને મન આવાં બધાં કષ્ટો તો અંતરની અહિંસાની કસોટી હતી. સુખમાં તો સૌ અહિંસક રહે; પણ વેદનામાં, વેદના આપનાર ઉપર પૂર્ણ અહિંસક ભાવ રહે તો જ અહિંસાનો અને આત્માનો સાક્ષાત્કાર થાય.

એટલે કષ્ટોના વલોણાથી કાયાનું જેમ વધારે મંથન થતું તેમ આત્મશુદ્ધિનો અમૃતકૂંપો ઊંચો આવતો લાગતો.

ભગવાનને મન તો દુઃખ એ સુખની ખાણ જ હતી.

[ ૩ ]

## ક્રોધનાં કડવાં ફલ

એક વાર ભગવાન વૈશાલીમાં સમોસર્યા.

રાજમહેલમાં વસનારને હવે રાજમહેલ કે હવેલીની કોઈ ખેવના ન હતી. વૈભવ—વિલાસ તો એમને મન બેડીઓ જેવા બની ગયા હતા. અને સુખસગવડતાનો તો એમને કોઈ વિચાર જ આવતો ન હતો.

કોઈને અગવડ ન થાય, કોઇને અપ્રીતિ ન થાય મોહમાયાનું બંધન આડે ન આવે એવી થોડીક જગા મળી એટલે બસ.

વૈશાલી તો કેવી વૈભવશાળી નગરી !

તેમાંય ભગવાનનું તો એ વતન.

પણ ભેખ ધરીને ચાલી નીકળેલાને તો બધી ધરતી સરખી.

ભગવાને એક લુહારના ડહેલામાં ઉતારો કર્યો.

એ ડહેલાનો માલિક લુહાર છ મહિનાથી માંદો હતો. રોગથી હેરાન થઇને એ બીજે ચાલ્યો ગયો હતો.

એ સાજો થઇને પોતાનાં સગાં—વહાલાં સાથે આજે જ પોતાના કોઢમાં આવ્યો.

અને આવતાંવેંત એણે જોયું તો એક મૂંડિયો પોતાના મકાનમાં ઊતરેલો !

એ તો ચિડાઇ ગયો : માંડ મોતના મોંમાંથી બચીને, સાજો થઇને, આજે ઘેર પાછો આવ્યો, ત્યાં પહેલાં દર્શન આ મૂંડિયાના થયાં ! કેવાં મોટાં અપશુકન !

એનો ગુસ્સો કાબૂમાં ન રહ્યો.

એ તો વજનદાર ઘણ ઉપાડીને ભગવાન તરફ દોડ્યો.

જોનારાં સમસમી ગયાં : હમણાં ઘણ જોગીના માથામાં ઝીંકાયો અને હમણાં જ એનાં સોયે વરસ પૂરાં થયાં સમજો !

એમને તો એમ પણ થયું : સાજા થઇને પાછા ફર્યાનો પહેલે દિવસે જ સાધુ હત્યાનું આ પાતક !

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કેવાં ખોટાં અપશુકન !

પણ પેલાનો ગુસ્સો એટલો ધમધમી ઊઠ્યો હતો કે કોઈ એને વારી ન શક્યું.

ખરેખરો જીવ સટોસટનો મામલો રચાઈ ગયો.

પણ ભગવાન તો મેરૂની જેમ સાવ નિષ્પ્રકંપ હતા. એ તો ન કંઈ બોલ્યા; સમભાવપૂર્વક બેસી જ રહ્યા.

લુહારે ઘણ ઉપાડ્યો : આ પડ્યો કે પડશે !

યોગીપુરુષ શાંતિથી નીરખી રહ્યા.

લુહારની કાયા ક્રોધથી કંપી રહી.

અને લુહારનો હાથ છટક્યો : જે ઘણનો ઘા યોગીના મસ્તક ઉપર ઝીંકવા તોળાયો હતો, એ લુહારનાં પોતાના માથા ઉપર જ ઝીંકાયો !

માંદગીના પંજામાંથી માંડ બચેલો બિચારો લુહાર ક્રોધનો કોળિયો બની ગયો !

ક્રોધનાં કડવાં ફળ સૌએ નજરોનજર નિહાળ્યાં.

[ ૪ ]

## આ તો આત્માની શીતળતા !

કડકડતો શિયાળો ચાલે.

માઘ મહિનાનો ઠંડીની જુવાનીનો વખત.

ટાઢ કહે મારું કામ !

હાડ ખખડી જાય, ચામ ફાટી જાય અને લોહી ઠરી જાય, એવી કારમી ટાઢ પડે. જાણે હિમાળો ચાલીને ત્યાં આવી પહોંચ્યો. ભલભલા બળિયાય રાંક બની જાય એવી એ ઠંડી !

આવા શિયાળામાં એક દિવસ ભગવાન શાલિશીર્ષ ગામે પધાર્યા.

સૌ જ્યારે ઘર વાસીને સગડીની પાસે બેસે, ત્યારે ભગવાન ઉઘાડામાં એકાંત ધ્યાનમાં બેસી ગયા. જોગીનું તો જાણે બધું જ દુનિયાથી જુદું : સૌ ઊંઘે ત્યારે એ જાગે; સૌ જમે-રમે અને આનંદ કરે ત્યારે જોગી ઉપવાસ આદરી વૈરાગ્યનો જાપ કરે ! જોગીના મર્મ તો જોગી જ જાણી શકે એવા !

ભગવાન મહાવીર તો સ્થિર આસને ધ્યાનમગ્ન બની ગયા. જાણે બહારની બધી દુનિયા વીસરાઈ ગઈ; અંતરની શુદ્ધિના કંઈ કંઈ ભેદ એ ઉકેલવા લાગ્યા.

જુઓ તો જાણે ધ્યાનદશામાં બેઠેલી અચલ પ્રતિમા !

ત્યાં એક સ્ત્રી આવી.

એણે ભગવાનને જોયા.

પણ અરે, આ શું ? જે દર્શનથી અંતરમાં ભક્તિનાં નીર ઊભરાવા જોઈએ, ત્યાં આ દ્વેષનો દાવાનલ કેમ પ્રગટ્યો ?

કોઈ જુગ જુગ જૂનો વેરનો વિપાક જાગ્યો હોય, એમ એ સ્ત્રીને ભગવાનને ઉપસર્ગ કરવાનું મન થઈ આવ્યું.

અને એણે તો હિમની શીતળતાનેય વીસરાવે એવું ટાઢું પાણી લઈને ભગવાન ઉપર છાંટવા માંડ્યું.

એ તો જોઈ જ રહી : કેવી મજા ! હમણાં એ જોગીનો જોગ આ પાણીની ધારથી ધોવાઈ જશે, અને એ ચીસ પાડીને નાસી જશે ! ઢોંગી નહીં તો !

પણ ભગવાન તો ક્યારના કાયાની માયા તજી ચૂક્યા હતા.

કાયાના કષ્ટ આગળ રાંક બને એ આત્માનાં દર્શન ન પામે.

એમણે તો જળ છંટકાવને આત્માની શીતળતાની જેમ વધાવી લીધો !

એ છંટકાવને ઝીલીને ભગવાનની જ્ઞાનજ્યોત વધારે તેજથી ઝળહળી રહી.

ધન્ય રે જોગી ! ભલો તારો જોગ !

[ ૫ ]

## અજ્ઞાનના ઉચ્છેદનાર

આલભિકા નગરીમાં એક પરિવ્રાજક રહે : પુદ્ગલ એનું નામ. ભારે તપસ્વી અને ભારે સાધક.

હંમેશાં બે ઉપવાસને પારણે બે ઉપવાસ કરે;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને ધોમધખતા બપોરે બે હાથ ઊંચા રાખીને, વૃક્ષની જેમ સ્થિર ભાવે આતાપના લે એનું તપ અને ધ્યાન જોઇ ભલભલાના અંતરમાં ભક્તિ જાગે.

તપ અને ધ્યાનના પ્રભાવે એનો કર્મમળ દૂર થવા લાગ્યો; અજ્ઞાનના પડળ પણ ઉતરવા લાગ્યાં.

પુદ્દગલ પરિવ્રાજકને દિવ્યજ્ઞાન ઉત્પન્ન થયું. એને તો બ્રહ્મલોક સુધીનાં વિશ્વનાં દર્શન થવા લાગ્યાં.

એને તો દરિદ્રને ધનભંડાર લાધ્યા જેવું થયું. દિવ્યજ્ઞાન લાધ્યાની થોડીક હર્ષ ઘેલછા અને થોડોક ગર્વઃ પુદ્દગલે તો માની લીધું કે મારા જ્ઞાનમાં બધી દુનિયા સમાઇ ગઇ! મારે હવે જાણવાનું કંઇ બાકી નથી રહ્યું. લોકોને મન પણ એ મહાજ્ઞાની બની ગયા.

એકવાર ભગવાન મહાવીર ત્યાં સમોસર્યા.

ગુરુ ગૌતમ નગરમાં ભિક્ષા લેવા ગયા તો લોકોને મોઢેથી એમણે પુદ્દગલ પરિવ્રાજકના દિવ્ય જ્ઞાનની વાત સાંભળી.

પાછા આવીને એમણે ભગવાનને સાચી વાત પૂછી.

ભગવાને કહ્યું: પરિવ્રાજકનું જ્ઞાન અધૂરું છે. એ માને છે એટલી જ દુનિયા નથી.

પુદ્દગલ પરિવ્રાજક પણ સરળ પરિણામી આત્મા હતો. ભગવાનની વાત એના કાને પહોંચી. એક જિજ્ઞાસુની જેમ નમ્ર બનીને એ ભગવાનની પાસે પહોંચ્યો.

ભગવાને એને કહ્યું: મહાનુભાવ, જાણ્યાનો આનંદ જરૂર માણવો; પણ થોડું જાણીને બધું જાણ્યાના મિથ્યાગર્વમાં અજ્ઞાનને ન ભૂલી જાઓ!

પરિવ્રાજકનું અંતર ઊઘડી ગયું.

એ ભગવાનના ચરણોમાં જ રોકાઇ ગયો.

## [ ૬ ]

## ધર્મ કરે તે મોટો

કાકંદી નગરીનાં ભદ્રા શેઠાણી.

એમનો સાતખોટનો એકનો એક દીકરો; ધન્ય એનું નામ.

ભારે લાડકોડમાં ઊછરેલો.

અપાર સંપત્તિનોએ એકનો એક સ્વામી, એટલે એના લાલન-પાલનમાં પૂછવું જ શું? પાણી માગે તો ઘી મળે!

રૂપ-ગુણવતી પત્નીઓ અને અપાર વૈભવ-વિલાસમાં એ સુખપૂર્વક રહે છે, અને પુત્રને રાજી રાખવા માતા અડધી અડધી થઇ જાય છે.

પણ એકવાર લોઢાને પારસ સ્પર્શી ગયો.

ભગવાન મહાવીરની વાણી ધન્યના અંતરને સ્પર્શી ગઇ; અને વિલાસમાં સદાકાળ મગ્ન રહેતા ભોગીના મનમાં વૈરાગ્યને માર્ગે જોગી થવાની તાલાવેલી જાગી ઊઠી.

પછી તો વૈરાગ્યના પૂરને ન માતાની મમતા ખાળી શકી, ન મહભરી, માનુનીઓની વિનવણીઓ રોકી શકી. મિત્રો અને સ્નેહીઓ પણ મૂક બનીને બેસી રહ્યા.

અને એક દિવસ ધન્ય, અણગાર બનીને, પ્રભુના અંતેવાસી બની ગયા.

વિલાસી વિલાસના નવા નવા પ્રકાર શોધે એમ આ વૈરાગીનું મન પણ સદા વૈરાગ્યમાં આગળ વધવા ઝંખતું હતું.

ધન્ય અણગાર તો આકરા તપને માર્ગે આત્માને ઉજાળવા લાગ્યા.

સંયમ લીધે તો હજુ નવ મહિના જ થયા હતા, પણ તપની સાધના એટલી ઉગ્ર કરી હતી કે કાયા માત્ર હાડચામના માળા જેવી બનીને, કાંટા જેવી બની ગઈ હતી.

એક વાર રાજા શ્રેણિકે એ તપસ્વીના દર્શન કરીને ભગવાનને પૂછ્યું: પ્રભુ, આપના ચૌદ હજાર શ્રમણોમાં ધન્ય અણગાર જ મહાદુષ્કર સાધના કરનાર લાગે છે.

પ્રભુના શ્રમણસંઘમાં તો ગુરુગૌતમ જેવા અનેક જ્ઞાનીઓ અને તપસ્વીઓ હતા. પણ પ્રભુએ તરત જ કહ્યું: રાજન, તમારી વાત સાચી છે. ધન્ય અણગાર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રીમંત અને શ્રીમત્ત

સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ, માલેગામ

જ્યારે આપણે શ્રીમંત શબ્દ કે શ્રી–મત્ત શબ્દોનો અર્થ જાણવો હોય ત્યારે આપણને શ્રી શબ્દનો શું અર્થ થાય છે અને શ્રી શબ્દથી આપણા મનમાં કઇ ભાવના જાગે છે તેનો વિચાર કરવાની જરૂર છે.

સામાન્ય રીતે આપણે શ્રી શબ્દથી ધન, દ્રવ્ય અને લક્ષ્મીનો અર્થ લઇએ છીએ. પણ એટલો જ શ્રીનો અર્થ નથી. શ્રી શબ્દથી રાજ્ય વૈભવ, જ્ઞાનનો વૈભવ કે બુદ્ધિનો વૈભવ પણ સૂચિત કરાય છે. કોઇ ફૂલ કે બીજી વસ્તુનું સુંદરપણું બતાવવું હોય ત્યારે પણ શ્રી શબ્દ વપરાય છે. મહાન્ પુરુષ કે સ્ત્રીના નામ સાથે શ્રી શબ્દ જોડવાથી તેમના માટે પૂજ્યબુદ્ધિ બતાવવાનો પણ હેતુ હોય છે. અર્થાત્ શ્રી શબ્દ કોઇને પણ બહુમાન આપવા માટે વાપરવામાં આવે છે. આટલું બધું છતાં સામાન્ય રીતે જેની પાસે ઘણું ધન ભેગુ થયેલુ હોય છે તેને જ આપણે શ્રીમાન્ તરીકે ઓળખીએ છીએ. જેમ ઘણું ધન ભેગું કરનારને એ શ્રીને લીધે બહુમાન મળે છે, તેમ એજ શ્રીને લીધે શ્રીમત્ત થવાનો પણ ઘણો સંભવ હોય છે. તે સંભવ કેવો હોય છે તેનો આપણે વિચાર કરીએ.

કોઇપણ વસ્તુનો ગજા ઉપરાંત સંગ્રહ થાય છે ત્યારે તેનું પાચન કરવું મુશ્કેલ બની જાય છે. ભોજન વધુ થાય ત્યારે અપચન થઇ રોગ ઉત્પન્ન થાય છે. તેમ વધારે પડતુ જ્ઞાન ભણે તેને પણ તેના જ્ઞાનનુ અજીર્ણ થએલું જોવામાં આવે છે. અને તેને લીધે તેના વધુ જ્ઞાનના દ્વાર બંધ થઇ જાય છે. અધિકારનું પણ એવું જ પરિણામ આવે છે. અને અંતે અધિકાર નષ્ટ થવાનો પણ પ્રસંગ ઊભો થાય છે. મતલબ કે સારી ગણાતી વસ્તુઓનો પણ અતિરેક નુકસાન કારક નીવડે છે. એથી જોવામાં આવે છે કે, જે માણસની પાચનશક્તિ જેટલી પ્રખર હોય તેટલું જ ભોજન, જ્ઞાન કે અધિકાર તે જીરવી શકે છે. તેથી વધુ થતા એજ શ્રી કે વૈભવ તેના જ નુકસાનનું કારણભૂત થાય છે. એવે પ્રસંગે જ શ્રીમંત એ શબ્દ બદલાઇ શ્રીમત્ત તરીકે થઇ જાય છે. એકાદ દાખલાથી આપણે એ વસ્તુ સ્પષ્ટ પણે સિદ્ધ કરવાનો પ્રયત્ન કરીએ.

દારૂ, ભાંગ વિગેરે માદક પદાર્થોનું સેવન કરનારો માણસ બેભાન થાય છે. ગમે તેવું યદ્વાતદ્વા બકે છે. એના કપડાં વાંકા ચુકા અને મલીન થાય છે. એ ગમે તેનો અવિનય કરે છે. એ અસંગત વર્તન કરે છે. એ લજ્જા રહિત થઇ જાય છે. નહીં ખાવા લાયક વસ્તુ ખાય છે. એવી અવસ્થામાં એ નાગો માણસ છે, એમ લોકો માને છે. એ તદ્દન કપડાં વગરનો નગ્ન હોતો નથી. છતાં લોકો તેને નાગો કહે છે. એવાજ પ્રકારનો મદ શ્રી એટલે લક્ષ્મીનો પણ ચઢે છે. અને જેમ દારૂડીઓ અસંગત બોલે છે, અયોગ્ય વર્તન કરી નાગાઇ કરે છે. અને એને પોતાના મનની તો શું પણ જનની પણ લજ્જા રહેતી નથી. પોતાના ધનના ઉન્માદમાં એટલી હદસુધી નાગાઇ કરી નાખે છે કે, પોતાના વડીલો કે પોતાથી વધુ જ્ઞાની અને ગુરુની પણ આશાતના કરવામાં પાછુવાળી એ જોતો નથી. એવો મનુષ્ય કદાચ ધર્મના આચારો કરતો દેખાય પણ એ બધા નાગાઇ છુપા-

---

જ સર્વ સાધુઓમાં મહાદુષ્કર છે.

સૌ ભગવાનની ગુણગ્રાહક દૃષ્ટિને વંદી રહ્યા અને ધર્મ કરે તે મોટો એ પરમસત્યને અંતરમાં ઉતારી રહ્યા.

("જૈન યુગ"ના માર્ચ-એપ્રિલના અંકમાંથી સાભાર ઉદ્ધૃત.)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વવા માટેજ હોય છે. એમાં શંકા નથી. અધર્મ અને અન્યાય્ય માર્ગે મેળવેલા દ્રવ્યમાંથી થોડું દ્રવ્ય એ ખર્ચે તો પણ એની પાછળનો હેતુ એ પોતાનું પાપ ઢાંકવાનોજ હોય છે એમાં શંકા નથી. એથીજ અમે કહીએ છીએ કે, જેમ દારૂડીઓ મદોન્મત્ત થઈ નાગાઈ કરે છે તેવીજ રીતે શ્રીમંત થએલા માનવોમાં શ્રી–મત્ત થએલાઓની સંખ્યા ઘણી મોટી હોય છે. એના મનથી આ જગતમાંની બધી વસ્તુઓ પોતાના સુખ માટેજ છે. અને હોવી જોઇએ. દેવ અને ગુરૂ કે ધર્મિષ્ઠતાનો ઉપયોગ પોતાની શ્રીમંતાઈ વધારવા માટે જ થવો જોઇએ. એથી વધુ કાંઇ સાધ્ય કરવાનું હોય એ માનવા પણ એવો માણસ તૈયાર હોતો નથી. શ્રી–મત્ત થએલા માણસનો દેવ, ગુરૂ અને ધર્મ એ ફક્ત એના ધનમાં સમાએલો હોય છે. દરેક કાર્ય ભલે તે ધર્મનું હોય કે દેવનું હોય પરિણામે એ ધન આપનારું હોય તોજ એને માન્ય અને પસંદ હોય. ધન પ્રાપ્તિ માટે અધર્મ કરવો પડે, સ્વજનનો દ્રોહ કરવો પડે, ગમે તેવા સંત મહાત્માનું અપમાન કરવું પડે, કે ઘોર પાપ કરવું પડે તો પણ એને દુઃખ કે પશ્ચાત્તાપ ઉપજે નહી, એ માણસ શ્રી–મત્ત થઈ ગયો છે એ નક્કી સમજી રાખવું જોઇએ. એટલેજ અમે કહીએ છીએ કે, શ્રીમંતોના સમુદાયમાં શ્રીમત્તોનીજ સંખ્યા વધુ પ્રમાણમાં હોય છે.

જેમ ધનવાનોને ધનમત્ત થવાનો સંભવ છે તેમજ અધિકારીને પણ અધિકારમદ ઉત્પન્ન થવાનો સંભવ છે. એનેજ સત્તામદ કહે છે. સત્તા વાસ્તવિક જોતા એટલા માટે મળેલી હોય છે કે, દુઃખિઆનું દુઃખ દૂર કરવું. જેની ઉપર બીજાએ જુલમ જબરદસ્તી અને અને અન્યાય કરેલો હોય તે અન્યાય દૂર કરવો. અર્થાત્ રડતાના આંસુ લુંછવા એ એનું કાર્ય હોય. પણ જે સત્તા કે અધિકારથી મત્ત થાય છે તેને પોતાની સત્તાનો જ્યારે મદ ચઢે છે ત્યારે એને પોતાનો અંગત સ્વાર્થ સાધવાનું મન થાય છે. અને પછી એ દારૂડીઆની પેઠે નાગો થાય છે. એની દૃષ્ટિમાં મદોન્મત્તતા તરી આવે છે. એને પોતાના ધર્મનું અને કર્તવ્યનું ભાન પણ હોતું નથી. એને તો પોતાને મળેલ અધિકાર ગજાવી બીજાઓ આગળ પોતાની મહત્તાનું પ્રદર્શન કરવાનું મન થાય છે. અને બીજાઓને સંતોષ આપવા કરતા તો બીજાઓને કનડવાનું એને મન થાય છે. એટલે એ શ્રી–મત્તોની પેઠે જ અધિકારની શ્રીથી મત્ત થાય છે. એને કદાચ પોતાની નીચતાનું ભાન આવે ત્યારે ઘણું મોડું થઈ ગએલુ હોય છે. જેમ ધન મળતા તેને જીરવી તેને યોગ્ય કામે લગાડવાની જરૂર હોય છે તેમજ મળેલ અધિકારને પણ જીરવવો પડે છે. અને અહંભાવને તાબે નહીં થતા તેનો સદુપયોગ કરવો પડે છે. જેઓ પોતાને મળેલ અધિકારનો સદુપયોગ કરી જાણે છે તેઓ જનતામાં પ્રિય થાય છે. પણ જેઓને તેનો મદ ચઢે છે તેઓ પ્રસંગોપાત નિંદાને પાત્ર થાય એમાં આશ્ચર્ય નથી.

જેમ ધન અને અધિકારથી મદ ચઢે છે અને પોતાનું ભાન ભૂલાય છે તેમ જ જ્ઞાની માણસને પોતાનું જ્ઞાન જીરવવાનું જ્ઞાન અને કલા આવડતી ન હોય તેવાઓને શ્રી–મત્તોની પેઠે જ જ્ઞાનનો પણ મદ ચઢે છે અને વારેઘડી બીજાઓ સાથે લડી પોતાના જ્ઞાનનું પ્રદર્શન કરવાનું મન થઈ જાય છે. અને એવી મત્ત અવસ્થામાં જ્ઞાનથી અપેક્ષિત જે આત્માના ઊંચા ગુણો તે ક્યાંથી ઉત્પન્ન થાય? એની શ્રીમત્તતામાં એ પોતાનો કક્કો ખરો કરવા માટે આકાશ પાતાળ એક કરી મૂકે છે. અને પોતાની મોટાઈ જાળવવા માટે નહીં કરવાના કાર્યો કરવા માંડે છે. શ્રી એટલે ધનનો મદ કે અધિકારનો મદ ગળી જવાના પ્રસંગો કોઇ વખત બની પણ જાય છે. અને એનું ભાન ઠેકાણે આવી પણ જાય છે. પણ જ્ઞાનમદ એવો છે કે એક વખત એના તાબે કોઈ આત્મા ગયો કે, એ પણ સાક્ષર મટી રાક્ષસ થઈ જાય છે. એના પાસેથી પછી વિવેક, શાંતિ કે ક્ષમાની આશા રાખી શકાય જ નહીં. જ્ઞાનથી ઉત્પન્ન થએલી ઉન્મત્તતા ઘણી આકરી હોય છે. અને એ ભલભલાને ભાન ભૂલાવે છે. અને નહીં કરવાના કૃત્યો એની પાસે કરાવે છે. શુષ્કચ્છલ, અવાસ્તવ દોષારોપ, પરંપરાનો દ્રોહ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિગેરે કામો એ છલકપટથી પણ કરાવે છે. એવા જ્ઞાનમત્તોને પોતાના જ્ઞાનનો ભયંકર ગર્વ થાય છે અને એ ગર્વ એને પૂરો નાગો બનાવે છે. એવી હોય છે જ્ઞાનની શ્રીમત્તતા ! અન્યોની દૃષ્ટિ અને તેમની જ્ઞાનક્ષમતા અને પોતામાં ખામી હોવાની કલ્પના એને અશક્ય જેવી જણાય છે. આવા જ્ઞાનમદથી જગતનું ઘણું મોટું અહિત થએલું છે. ધનમત્તોએ અને અધિકાર મત્તોએ ભાગ્યેજ જ્ઞાનમત્તો જેટલું જગતનું નુકસાન કરેલું હશે.

ધન મેળવવું, અધિકાર પ્રાપ્ત કરી લેવો કે જ્ઞાન મેળવવું એ બધું ખોટું છે એવો અમારા લખવાનો હેતુ છે જ નહીં. શ્રીમાન્ અનેક ગરીબોનું કલ્યાણ કરી શકે. અધિકાર અનેકોને કામે લગાડી તેમનું જીવન સુસહ્ય કરી શકે. અને અનેકો ઉપર થતો અન્યાય દૂર કરી શકે. જ્ઞાની માણુસ અનેક જીવોનું દૂષિત જીવન સુધારી તેને માનવતાનું શિક્ષણ આપી તેઓને સુચરિત કરી શકે. અનેકોના અંધારા જીવનના પડદા દૂર કરી તેમના હૃદયાગારમાં જ્ઞાનનો પ્રકાશ રેડી તેમને સુધારી મૂકે. પણ એ બધું ક્યારે બને ? જો તેમાં માદકતા પ્રવેશી ન જાય તો !

શ્રીમત્ત માનવ અનેકોના જીવનમાં અગ્નિ ચાંપે, અનેકોના સંસાર પાયમાલ કરી મૂકે. અનેકોના સુખો ધૂળ ભેગા કરી મૂકે. અને અનેકોના ધનનું શોષણ કરી પોતે જાણે મોટો વિજયી થઈ મેહેલાતોમાં અનેકોના રક્ત શોષણ ઉપર તામડધિન્ના કરે. અને પોતાની ચાતુરી અને હોશીઆરીથી મનમાં ફૂલાય. એવી રીતે એ અનેકોના દુઃખનો કારણભૂત તો થાય જ. પણ પોતાના આત્માને પણ મલીન કરી મૂકે એ નિર્વિવાદ છે.

જેમ શ્રી-મત્ત માનવી અનેકોને પીડા આપી શકે છે તેમ અધિકારની શ્રીથી મત્ત થએલો આત્મા પણ પોતાના અધિકારના બળે ઉન્મત્ત થઇ ઘણાઓના આત્માને કકળાવે છે. તેના કરતાં પણ વધુ જ્ઞાનરૂપી શ્રીથી મત્ત થએલો માનવ અનેકોના આત્માને ખોટું માર્ગદર્શન કરે છે એટલું જ નહીં પણ એની પરંપરા ચાલતા અનંત જીવોના સર્વનાશનો એ કારણભૂત થાય છે.

શ્રી ના વૈભવથી જેમ અનેકોનું કલ્યાણ કરી શકાય છે તેમ તેનો અતિરેક થતા અને તેને જીરવવાની તાકાત ન હોવાથી અનેકોનો નાશ શી રીતે થાય છે એ આપણે જોયું. એ ઉપરથી આપણે બોધ તારવવાનો કે ધન, અધિકાર કે જ્ઞાન જો દૈવયોગે આપણને મળી જાય તો આપણા ઉપરની જવાબદારી સવિશેષ વધી છે એમ આપણે સમજી રાખવું જોઇએ. અને આપણે વૈભવના દાસ થઈ તેનીજ સેવા કરતા નહીં રહેતા તેનો લોકહિત માટે અને આત્મોન્નતિના માર્ગે ઉપયોગ કરતા રહેવું જોઇએ. એમ કરીને જ આપણે સાચા શ્રીમાન્ થઇ શકીએ. સાચા શ્રીમાન્ થવાની બધાઓને પ્રેરણા મળે અને કોઇને પણ શ્રીમત્ત થવાની કુબુદ્ધિ ન સૂઝે એજ સદિચ્છા.

---

क्षमाशस्त्रं करे यस्य दुर्जनः किं करिष्यति ।
अतृणे पतितो वह्निः स्वयमेवोपशाम्यति ॥

(અનુષ્ટુપ)

**ક્ષમા શસ્ત્ર કરે જેને, તેને દુર્જન શું કરે ?**
**રણમાં જે પડયો વહ્નિ, એની મેળે જ એ ઠરે.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જીવન અને તત્ત્વજ્ઞાન

પ્રાધ્યાપક જયંતીલાલ ભાઈશંકર દવે

(સં. ૨૦૧૬ના જયેષ્ટના અંકથી ચાલુ)

અગાઉ અમે શાંકરવેદાંત પરત્વે થોડુંક કહ્યું હતું પશ્ચિમના વિદ્વાનો પહેલવહેલા જ્યારે પૂર્વની વિદ્યાઓ તથા સંસ્કૃતિના સંપર્કમાં આવ્યા ત્યારે સંસ્કૃત ભાષા તેમને ખૂબ ઊંચી કક્ષાની અને સમૃદ્ધ લાગી હતી. પ્રથમ સાહિત્ય અને પછી વેદ ઉપનિષદ વેદાંત ષડ્દર્શન જૈન અને બૌદ્ધ દર્શન વગેરેના પરિચયમાં તેઓ આવ્યા. પ્રથમ તેમણે, વેદાંતસૂત્રો કે જેને બ્રહ્મસૂત્રો પણ કહેવામાં આવે છે તેના ઉપર લખાયેલું શાંકરભાષ્ય જોયું અને શંકરાચાર્યની વાધ્ય પદ્ધતિથી પ્રભાવિત થઇ એમ માનવા લાગ્યા કે વેદાંત એટલે શાંકરવેદાંત કેવલાદ્વૈતવેદાંત જ સાચું છે એવી પણ માન્યતા થવા લાગી. પરંતુ કાળક્રમે જ્યારે રામાનુજાચાર્ય, વલ્લભાચાર્ય મધ્વાચાર્ય અને બીજા આચાર્યોએ રચેલાં ભાષ્યો તેમના જોવામાં આવ્યાં ત્યારે સમજાયું કે વેદાંત શબ્દ અમુક જ મતવાચક નથી. ખરી રીતે વેદાંત શબ્દ સામાન્ય વાચક બની ગયો છે અને તત્ત્વજ્ઞાન શબ્દનો જે અર્થ થાય તેવો જ અર્થ વેદાંત શબ્દનો બની ગયો. એમ જો વાસ્તવિક્તાએ નહોત તો શંકરાચાર્યનું કેવલાદ્વૈત પણ વેદાંત કહેવાય અને મધ્વનું ઉઘાડું દ્વૈત પણ વેદાંત શી રીતે કહેવાય ?

વેદાંતની પણ શાખાઓ, ઉપશાખાઓ ઘણી છે. તે બધામાં મધ્વ ઉઘાડી રીતે દ્વૈતનો સ્વીકાર કરે છે તેથી તેના તરફ જરા નજર કરીએ. કેવલાદ્વૈતના વિરોધમાં મધ્વ પાંચ નિત્યભેદોનો સ્વીકાર કરે છે (૧) ઈશ્વર અને જીવ વચ્ચેનો નિત્યભેદ (૨) ઈશ્વર અને જડ જગતનો નિત્યભેદ (૩) એક જીવ અને બીજા જીવનો નિત્યભેદ (૪) જીવ અને જગતનો નિત્યભેદ (૫) એક જડ અને બીજા જડ દ્રવ્યનો નિત્યભેદ. આ પંચભેદ વિવેકને જે જાણે છે તેજ ખરો જ્ઞાની છે, તેજ મોક્ષનો અધિકારી છે અને તેને જ ઈશ્વરનો સાક્ષાત્કાર સંભવી શકે છે એમ મધ્વાચાર્યનું માનવું છે.

તુલનાત્મક દૃષ્ટિએ વિચાર કરીએ તો મધ્વનું વેદાંત જૈનદર્શનની ખૂબ નજીક આવી જાય છે. જૈનદર્શનમાં જડ અને ચેતન એમ બે પરસ્પર ભિન્ન તત્ત્વોનો સ્વીકાર છે. હવે બન્ને વચ્ચે તફાવત પણ ઘણો છે. મધ્વ ઈશ્વર અને જીવનો નિત્યભેદ સ્વીકારે છે, પરંતુ જૈનદર્શનમા જીવાત્મા પરમાત્મા બની શકે છે. પરમાત્મા એટલે કે જગત્સ્રષ્ટા ઇશ્વર એવો અર્થ જો કરાતો હોય તો બેશક તે અર્થ જૈનદર્શનને સંમત નથી. જૈન મત પ્રમાણે, ઈશ્વર એટલે પૂર્ણપદને પામેલ જીવાત્માં. આવા પૂર્ણ જીવાત્મામાં અનંતદર્શન, અનંત વીર્ય અથવા સામર્થ્ય અને અંનત આનંદ આ પૂર્ણ આત્માના સ્વભાવ સિદ્ધ ગુણો છે. જેમ શાંકર વેદાંત માને છે કે જીવાત્મા જ્યારે આંતર બાહ્ય સર્વ ઉપાધિઓથી મુક્ત થાય છે ત્યારે તે પરમાત્મા બની જાય છે એવા જ આશયવાળું જૈન દર્શનમાં જીવ પરમાત્મા થાય છે એવું કથન છે. આમ વેદાંતના કેટલાક મતો સાથે જૈન દર્શનનું સામ્ય છે. પણ બધાં દર્શનોથી તેની ભિન્નતા ઘણી છે એ અગત્યની વાત ભૂલવી ન જોઇએ. જૈન દર્શનના પાયામાં અનેકાંતવાદ છે ત્યારે બીજા દર્શનોમાં એ નથી જ એમ કહીએ તો ખોટું નથી.

કેટલાક વિદ્વાનોનું [illegible] માન[illegible] માનવના દાર્શનિક જીજ્ઞાસા કે જેનું [illegible] આવી જ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જાય છે તે અનેક તત્ત્વોને માનવામાં તૃપ્તિ અનુભવતી નથી. એકથી વધારે તત્ત્વોને માનવામાં તેમની બુદ્ધિ મૂંઝવણમાં પડી જાય છે. વળી, આ વિદ્વાનો એમ પણ માને છે કે સર્વ દર્શનશાસ્ત્રોનો ઉદ્દેશ બધી વસ્તુઓને એક કરવામાં છે. હવે આનો એકજ જવાબ છે. **દર્શનશાસ્ત્રનું ધ્યેય આત્માની પ્રાપ્તિ છે આથી વધારે નહિ તેમ આથી જરાય ઓછું પણ નહિ.** જે વસ્તુઓ કદાપિ એક થાય નહિ તે વસ્તુઓને પણ એક કરવાનું મિથ્યા સાહસ ઘણાં દાર્શનિકોએ કર્યું છે. સત્યને યથાતથ અને યથાસ્થિત જાણવું એજ એકમાત્ર ધ્યેય દર્શનશાસ્ત્રનુ હોઇ શકે. આપણી કલ્પનાને અનુકૂળ વર્ણન ઘડી કાઢવું અને તેને સત્યદર્શન તરીકે ઓળખાવવું એવા દુસાહસને દર્શનશાસ્ત્ર કોણ કહે ?

જ્ઞાનની પ્રક્રિયાને તપાસીએ તો પ્રથમ જ્ઞાતા અને જ્ઞેય એમ સ્પષ્ટ દ્વૈત ઊભું થાય છે. જ્ઞાતા એટલે જાણનાર અને જ્ઞેય એટલે જે વસ્તુનું જ્ઞાન થાય તે જ્ઞાન પણ એક પ્રકારનો અનુભવ છે અને તે દ્વૈત મૂલક જ છે. સર્વ અનુભવોમાં અનુભવિતા એટલે અનુભવ કરનાર અને અનુભવાયેલ વસ્તુ આમ બે વસ્તુ સ્પષ્ટ હોવા છતાં વેદાંતીઓ અભેદાનુભવ શી રીતે અનુભવી શકે છે ? મને બ્રહ્માનુભવ થાય છે, હું અભેદ અનુભવું છું. આવાં વાક્યો અભેદનો ભેદ કર્યા વગર બોલી શકાય જ નહિ,

આમ છતાં અદ્વૈતવાદનું આકર્ષણ ઘણા માણસોને પ્રબળપણે થયું છે અને હજુ પણ થયા કરે છે એમાં જરાપણ સંદેહ નથી. પરંતુ જે લોકો અદ્વૈતને સ્વીકારે છે તેમને તો પહેલેથી જ એક મોટી સમસ્યાનો સામનો કરવો પડે તેમ છે. આ સમસ્યા તે એક અને અનેક વચ્ચેના સંબંધની છે. અદ્વૈત પ્રમાણે સત્ય પદાર્થ એક છે પરંતુ પ્રતીયમાન દશ્યો અનેક છે આપણે જો એકજ સત્પદાર્થનું અને જગતના મૂલતઃ એકત્વનું પ્રતિપાદન કરીએ તો અનેકત્વની સ્પષ્ટ પ્રતીતિ જે થાય છે તેનો ખુલાસો શો છે ?

અનેકનો એકની સાથે મેળ કેવી રીતે બંધબેસતો કરવો તેની મુશ્કેલીમાં આવી પડતાં કેટલાક વિચારકોએ એવું સમાધાન શોધી કાઢ્યું કે જે અંગત પૂર્વગ્રહો અથવા રાગદ્વેષથી રંગાએલું ન હોવા છતાં પણ તાત્વિક દૃષ્ટિએ તદ્દન નિઃસાર છે અને તેથી જ આપણે તે સ્વીકારી શકતા નથી. જગતમાં તો સ્પષ્ટ રીતે અનેકતા પ્રતીત થાય છે, તો પછી એકતાને શોધવા માટે ફાંફાં જ મારવા રહ્યાં રેતીમાં કોઇ પક્ષી પોતાનું માથું દાટી દે અને શરીરનો બીજો ભાગ બહાર રાખે ત્યારે આંખો પણ રેતીમાં દટાઇ ગયેલી હોવાથી તેને બાહ્ય જગતનો લોપ થઇ ગયેલો લાગે છે. તે પ્રમાણે આપણે હકીકતો સામે આંખો બંધ કરી દઇએ તો અનેકતા અદૃશ્ય થઇ જાય. આવી જ રીતે અનેકતાને માયા ગણીને એક માત્ર બ્રહ્મનો સ્વીકાર શાંકર મતવાદીઓએ કર્યો જણાય છે,

હવે જ્યારે પદાર્થોના બાહ્ય આકારોમાં, જેમ કે પાણીમાં અને અગ્નિમાં, કોઇ એવી વસ્તુ પ્રતીત થતી નથી કે જે એ પદાર્થોના એકત્વનું ભાન કરાવે ત્યારે આ વિચારકો એવું પ્રતિપાદન કરે છે કે આવી એકત્વની પ્રતીતિ આત્માની કોઇ મૂળભૂત જરૂરિયાતમાંથી ઉત્પન્ન થયેલી હોવી જોઇએ. તો પછી એકત્વની પ્રતીતિ ખરી રીતે વાસ્તવિકતામાં છે જ નહિ અથવા કદાપિ હોય તો તે આપણે જાણી શકતા નથી. માત્ર એટલું જ કહી શકાય છે કે આપણી વિચારશ્રેણિ એવા ધ્યેય માટે ઝખી રહી છે. પણ આવી ઝખના તો આકાશપુષ્પનું સૌંદર્ય જોઇ આનંદ મેળવવા જેવી છે. નિર્બળ એકત્વની માન્યતા ગમે તેટલી આકર્ષક લાગતી હોય અથવા અમુક દર્શન સંપ્રદાયને જરૂરી લાગતી હોય તો પણ સાચા અદ્વૈતવાદની રચના માટે તે યોગ્ય ભૂમિકા બની શકતી નથી એ વાત હવે લગભગ બધા આધુનિક દાર્શનિકો કબૂલ રાખે છે. પણ કેવલાદ્વૈતવાદી દાર્શનિકો આ વાત કબૂલ રાખશે કે કેમ તે કહી શકાય નહિ.

જગતના પદાર્થમાત્રને બે દૃષ્ટિ વડે જોઇ શકાય. એક દૃષ્ટિ છે સામાન્ય ગામિની અને બીજી છે વિશેષ ગામિની. કેવલાદ્વૈત વેદાંતમાં સામાન્યગામિની દૃષ્ટિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# માનવતાવાદી સમાજવાદનો આધાર શિલા—અહિંસા

અનુવાદક—શ્રી હિંમતલાલ ર. યાજ્ઞિક

માનવીના ઇતિહાસની શૈશવાવસ્થાથી જ હિંસા અને અહિંસાના બે ભિન્ન માર્ગો તેની સામે રહ્યા છે. તેના વિકાસની મુખ્ય સીડીઓ જેવી કે કુટુમ્બ, નગર, દેશ અને વિશ્વબંધુત્વ. હિંસા અને અહિંસાથી પ્રભાવિત રહી છે. પોતાની ટોળી યા જાતિ સાથે સહયોગ અને તે સિવાય બીજાની સાથે લડાઇ એ સભ્યતાની મૂળ કહાની છે. જેમ જેમ માનવીના દૃષ્ટિબિન્દુનો વિકાસ થતો ગયો તેમ તેમ તેનું પોતાનું ક્ષેત્ર (જાતિ અથવા ટોળી) માં વિશાળતા આવતી ગઈ પરંતુ તેનાથી અલગ તત્વોને માટે દુશ્મનાવટની ભાવના ઓછી થઈ હોય તેમ દેખાયું નથી પરંતુ તેને બદલે દુશ્મનાવટના પ્રેરક બળો વધારે સબળ અને દૃઢ બનતાં ગયાં.

માનવજીવનના સમગ્ર ઇતિહાસમાં તેના વિકાસના બે મુખ્ય પ્રેરક બળો રહ્યાં છે. તે છે માનવીની અંતર્મુખ અને બહિર્મુખ દૃષ્ટિ. અંતર્મુખ દૃષ્ટિના રૂપમાં માનવીએ ભૌતિક મૂલ્યોથી પોતાની જાતને ઊંચે લઇ જવા માટે જે માર્ગ અપનાવ્યો તેમાં પ્રાપ્તિ સિવાય અન્ય લક્ષ્ય પણ હતાં. આ લક્ષ્યને જીવનના સાધારણ મૂલ્યો (ભૌતિક મૂલ્યો)થી માપવું અસંભવિત હતું. તેથી તેને આધ્યાત્મવાદ નામ આપવામાં ભલે આવ્યું હોય પરંતુ તે એક એવી ભાવના હતી જેને સાંસારિક શબ્દો દ્વારા બોધવું કંઇક મુશ્કેલ હતું. આનાથી ઉલટો બીજો માર્ગ બહિર્મુખી હતો. આ બીજા માર્ગને સાધારણ માનવી સમજતો, તેને પ્રાપ્ત કરવા પ્રયત્નશીલ બનતો અને તેને પ્રાપ્ત કરી પોતાને ધન્ય સમજતો. સભ્યતાના વિકાસમાં આ બન્ને રીતે આગળ વધવા પ્રયત્ન કર્યો. અંતર્મુખી માર્ગને બહુજ ઓછા માણસોએ અપનાવ્યો પરંતુ જેણે અપનાવ્યો તેઓનું સ્થાન સમાજમાં ઉચ્ચ બન્યું. તેનું કારણ સાધારણ મનુષ્યે તેમાં દૂરદર્શિતા અને પારદર્શક દૃષ્ટિ જોઇ. આવા ઉચ્ચ સ્થાન પામેલા માનવીની દૃષ્ટિને 'ધર્મ-

---

છે. બહુતત્ત્વવાદી દર્શનશાસ્ત્રોમાં વિશેષ ગામિની દૃષ્ટિ છે. બન્ને દૃષ્ટિઓ એકાંતિક છે. આ સ્થળે ભેદાભેદવાદી વેદાંતનો નિર્દેશ કરવો જરૂરી છે કારણ કે તે પ્રકારના વેદાંતમાંમાં ભેદ અને અભેદ બન્નેનો સમન્વય કરવાનો શુદ્ધ અને પ્રામાણિક પ્રયત્ન છે. વેદાંતસૂત્રો ઉપર આ દૃષ્ટિએ ભાષ્ય લખનાર નિંબાર્કાચાર્ય છે. જૈનદર્શનને એક રીતે ભેદાભેદવાદ માન્ય છે. વિસ્તાર ભયથી અહિં તે આપવાનું યોગ્ય ધાર્યું નથી જિજ્ઞાસુએ પૂરણચંદનહાર અને કૃષ્ણચંદ્રઘોષકૃત An Epitome of Jainism નામના પુસ્તક માહેનું અગ્યારમું પ્રકરણ The Doctrine of unity in difference એટલે ભેદાભેદવાદ એ જોઈ લેવુ જરૂરી છે. તત્ત્વજ્ઞાનના અનેક કૂટ પ્રશ્નો છે તેમાં મુખ્યત્વે કરીને ત્રણ મહત્વના ગણાય છે (૧) જીવ (૨) જગત અને (૩) ઇશ્વર. જીવ એક છે કે અનેક? જીવનું સ્વરૂપ શું? જગતનું વાસ્તવિક સ્વરૂપ શું છે? જીવ અને જગતનો શો સંબંધ છે? ઇશ્વરનું સાચું સ્વરૂપ, શું ઇશ્વર સૃષ્ટિ કર્તા છે? ઈશ્વરનો જીવ અને જગત્ સાથેનો સંબંધ શો છે? આ બધા પ્રશ્નોના પાયામાં એક અને અનેકનો પ્રશ્ન મૂળભૂત, પાયામાં રહેલો છે તેથી તે પ્રશ્નને અહિં ચર્ચવાનું યોગ્ય ધાર્યું છે.

ટૂંકામાં અદ્વૈતવાદ જો એક જીવવાદ કિંવા એકાત્મવાદનો સ્વાંગ ધારણ કરે તો તે એકતત્વવાદ બની જાય છે. પરંતુ ભેદ અને અભેદ બન્નેનો અનેકાંત દૃષ્ટિએ સ્વીકાર કરે તો યથાર્થ દર્શનશાસ્ત્રના નામને યોગ્ય બની શકે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દષ્ટિ' નામ મળ્યું. અને તેવા મનુષ્યને 'દષ્ટા'નું બિરૂદ પ્રાપ્ત થયું. સમાજના સર્વતોમુખી ઉત્થાન માટે આવી દૃષ્ટિ ખૂબ જ જરૂરી લાગી. ઉપરની ધાર્મિક દૃષ્ટિ સાથે જ અહિંસાની ભાવનાનો ઉદય થયો. ધાર્મિક પદાર્થોના આધાર માટે આવશ્યક વિશ્વાસ તે દૃષ્ટિમાં હતો. જગતના પદાર્થોની પ્રાપ્તિ માટે હિંસા થતી હતી તેથી અહિંસાના માર્ગનું અનુસરણ કરવા માટે તે તે પદાર્થો વર્જ્ય બન્યા. આ રીતે ધર્મદૃષ્ટિવાળા મનુષ્યોની અહિંસા દૂરદર્શી નીતિના રૂપમાં પ્રકટ થઇ. તેઓને જ્ઞાન લાધ્યું કે પ્રાપ્ત કરવાની ભાવનામાં જ્યાં જ્યાં સંઘર્ષ ઉત્પન્ન થાય ત્યાં **तेन त्यक्तेन भुंजीथाः**ના પ્રયોગથી સફળતા મળે છે. પાણીમાંથી તરીને બહાર નિકળવું હોય તો પાણીના ઉંડાણને ઓછું કરવાથી તે સરલ બને છે. આ આધ્યાત્મિક તરવામાં તો બંધનની સીમાઓ લોપ થઈ ગઈ અને મનુષ્યની સંકુચિત સ્વાર્થદૃષ્ટિની અંધતા ઓછી થતી ગઈ. માનવીએ જીવનને ત્રણ ભાવનાઓમાં વહેંચી નાખ્યું. તેમાં પહેલી ભાવના જીવતા રહેવાની. તેની અંદર જ બીજી ભાવના સમાઈ જાય છે, તે બીજી ભાવના છે જીવતા રહેવા માટે બચાવ કરવાની અને બચાવ માટે બીજા પર આક્રમણ કરવાની. ત્રીજી ભાવના જીવો અને જીવવા દયોની ( Live and let live ) આ ત્રણે ભાવનાઓ એક બીજાથી વિરોધી નથી. અમુક હદ સુધી તો તેઓ એકબીજાની પૂરક છે. ત્રીજી ભાવના તો માત્ર પહેલી અને બીજી ભાવનાનું વિકસિત રૂપ જ છે. બુદ્ધિવાદી માનવી સમજે છે કે પાપ એ નુકશાનવાળો વેપાર છે અને પુણ્ય નફાનો વેપાર છે. પરંતુ તકલીફ એ છે કે આવો બુદ્ધિવાદી માનવસમુદાય આ સંસારમાં અલ્પ સંખ્યક છે. સંસ્કૃતિ અને સભ્યતાનું લક્ષ્ય છે કે એજ આવા બુદ્ધિવાદી માનવીની સંખ્યા વધારે.

આવા બુદ્ધિવાદી અનુસંધાનના પ્રયાસમાંથી જ ધર્મના પાંચ મહાશીલ-સત્ય, અહિંસા, અસ્તેય, અપરિગ્રહ અને બ્રહ્મચર્યનો જન્મ થયો. આ પાંચ મહાશીલનો મહિમા ભિન્નભિન્ન ધર્મ પ્રવર્તકોએ ભિન્ન ભિન્ન રૂપે દર્શાવ્યો. આ ધર્મગુરુઓએ તેમના જીવનમાં વિરોધી સિદ્ધાંતોનો અનુભવ કર્યો અને હિંસાના રૂપનું સાચું દર્શન તેમને થયું. બુદ્ધ અને મહાવીર બન્નેના યુગમાં ધાર્મિક કર્મકાંડ એ હિંસાનું નવમું રૂપ હતું. તેનો વિરોધ આ બન્ને ધર્મગુરૂઓએ કર્યો. અને તેમણે તે સમયના સમાજનું ધ્યાન આધ્યાત્મિક અહિંસા તરફ દોર્યું. મુશ્કેલીઓ તો એ હતી કે ધાર્મિક પ્રવચનોની વચ્ચે પણ માનવ પૈસા અને શક્તિ પ્રાપ્ત કરવાના પ્રયાસોમાં સંલગ્ન રહેતો. આ પ્રયાસોમાં જે હિંસા થઈ તે આર્થિક અને રાજનૈતિક શસ્ત્ર સ્વરૂપે થઈ. આ આર્થિક-રાજનૈતિક હિંસાના વિરોધમાં જીસસ ક્રાઈસ્ટે પોતાની વાણી વહેતી મૂકી. એજ રીતે ગ્રીસમાં પાઇથેગોરસ, ચીનમાં તાઓ અને કોન્ફયુસીયસે પ્રચલિત સામાજિક હિંસા વિરૂદ્ધ પોતાનો અવાજ ઉઠાવ્યો. અહિંસાના સૂત્રે બીજાઓને પોતાના તરફ આકર્ષ્યા અને કોઇ કોઈ વાર આ દિશામાં ઘણાજ સાહસિક પ્રયોગો પણ થયા. ઈસુના રાજ્યની સ્થાપના માટે 'કવેકર' સંપ્રદાયના લોકોએ પોલિસ, લશ્કર અને ન્યાયાલયોને પણ તિલાંજલિ આપી. આપણા સ્વાતંત્ર્ય સંગ્રામમાં ગાંધીજીએ પણ આને વ્યહવારિક રૂપ આપવા પ્રયત્ન કર્યો. તેની પારદર્શક દૃષ્ટિએ જીવનના બધા ક્ષેત્રોમાં તેને પ્રયોગાત્મક રૂપમાં અપનાવવા પ્રયત્નો કર્યા. તેમણે રાજનીતિમાં આધ્યાત્મિક દૃષ્ટિ, છળપ્રપંચને બદલે સત્યવાદીપણું, વ્યાપારમાં ટ્રસ્ટી સિદ્ધાંત, ઉત્પાદનમાં સ્વાવલંબન અને કર્મમાં આધ્યાત્મિકતા માટે વ્યવહારિક પ્રયોગો કર્યા. જીવનમાં એ ભાવના ઉતારવાના પ્રયત્નથી શક્તિ વધે છે. ગણિતમાં જે કાર્ય બુદ્ધિ કરે છે તેજ કામ અહિંસા જીવનમાં કરે છે. સાથો સાથ તેમણે અહિંસાનું રૂપ પણ જોયું. સભ્યતાનો સીધો સંબંધ અહિંસા સાથે એટલા માટે જોડાયો કે સભ્યતાનો ઇતિહાસ સિદ્ધિમાં જ સમાએલો છે. માનવીએ બાલ્યાવસ્થામાંજ અનુભવ કર્યો કે માતાની અહિંસક ભાવનાથી જ બાળકનું જીવવું સંભવિત બન્યું. પિતાની અહિંસક ભાવનાથી

For Private And Personal Use Only

જ પોષણ મળ્યું. આચાર્યની અહિંસક ભાવનાથી જ અંતર્મુખી અને સાધનોદ્વારા જીવનના આદર્શને પ્રાપ્ત કરી શકાય. આ રીતે ભયાનક પશુબલીની સામે બુદ્ધિને પ્રધાનતા આપવામાં આવી અને સાથે સાથે એ પણ સમજાયું કે નિર્બળ વ્યક્તિની રક્ષા કરવાથી જ તેનામાં છુપાઇ રહેલી બુદ્ધિ વધારે તેજ બને છે. આ રીતે બુદ્ધિવાદની આધારશિલા અહિંસા બની. અને અહિંસાદ્વારા આકાશના તારાથી પણ દૂર રહેલ ભગવાનના દર્શન કરી શકાય એટલું જ નહીં પણ તેનાથી જીવનની જરૂરતોને પ્રાપ્ત કરવામાં ઘણી સહાયતા પણ મળે.

બુદ્ધિવાદના પ્રથમ અહિંસક પગલાંમાંથી જ એ જ્ઞાન પણ પ્રાપ્ત થયું કે પ્રગતિને રૂંધનાર સૌથી સબળ ચીજ વાતાવરણ છે. માનવને એ પણ દેખાયું કે વાતાવરણ પર વિજય મેળવવા માટે સહયોગ અને સદ્ભાવનાની સૃષ્ટિની રચના કરવી પડશે બસ અહીં-થીજ માંસાહારનું સ્થાન શાકાહારે લીધું. કારણ કે ચારે તરફ પ્રવર્તતી પશુહિંસાએ માનવ બુદ્ધિ ઉપર એક સખત આઘાત કર્યો. પરિણામ એ આવ્યું કે માનવીએ માંસ માટે પશુહત્યા કરવાનું બંધ કર્યું અને પશુઓનો ઉપયોગ બીજી રીતે કરવાનું શરૂ કર્યું. ગાય ભેંસના દૂધદ્વારા, ઊંટ, ઘોડા, હાથી, બળદ વગેરેનો ભાર ઉપાડવાની શક્તિમાં, તથા ખેતરમાં પૂરવાના ખાતરના રૂપમાં, અને ઘેટાં બકરાંની ઉનદ્વારા સમસ્ત પશુ—જગતને માનવી પોતાના મિત્રના રૂપમાં જોવા લાગ્યો. સંયોગવશ માનવના આ બધા નવા મિત્રો શાકાહારી હતા. તેણે જોયું કે શાકાહારી પ્રાણીઓ તેને મદદરૂપ બની શકે છે. માંસાહારી પશુઓમાં કોઈ તેનો મિત્ર ન દેખાયો.

આ બૌદ્ધિક અને આધ્યાત્મિક ક્રાન્તિના પ્રસંગો-માં માનવીએ પોતાનું લક્ષ્ય માત્ર પરમાર્થ ન બનાવ્યું પણ તેને એ સત્યની ઝાંખી થઈ કે પોતાનો ભૌતિક સ્વાર્થ જ માત્ર તેનું સત્ય નથી પરંતુ એક વિશાળ સમૂહના એકમને લીધે વિશાળ સમૂહનો સ્વાર્થ પણ તેનો પોતાનો સ્વાર્થ બન્યો. આ રીતે લોકહિત રૂપી અગ્નિમાં તપીને તેનો સ્વાર્થ ધીરે ધીરે વિશાળરૂપ ધારણ કરવા લાગ્યો. અને તે વિશાળરૂપવાળા સ્વાર્થે તેને જીવનસાગર તરવામાં મદદ પણ કરી. આજના યુગમાં વિનોબાજી અહિંસક માર્ગદ્વારા સમાજના સ્વરૂપ અને માલિકોના સંબંધોમાં પરિવર્તન લાવવા પ્રયત્ન કરે છે.

આ બધા મહાપુરુષો પોત પોતાની રીતે કામ કરતા રહ્યાં અને સમાજ ઉપર તેમનો પ્રભાવ અમુક અંશે પડ્યો, લોકોએ તેમની પૂજા કરી, તેમનો જય-જયકાર બોલાવ્યો અને ફિરસ્તા કે અવતારી પુરુષો ગણ્યા. તેઓના ઉદ્દેશોનો પ્રભાવ સમાજ પર કેટલા પ્રમાણમાં પડ્યો તેનું માપ કાઢવું કઠિન છે, પણ માનવસમાજે તેઓને એક મહત્વનું ઊંચુ સ્થાન આપીને પોતાના રોજ—બ—રોજનો જીવનક્રમ જ ચાલુ રાખ્યો એમ કહીએ તો તેમાં અતિશયોક્તિ નહીં લાગે. હિંસાની શક્તિ ઓછી નજ થઈ, ઊલટું વિજ્ઞાન સાથે જોડાઇને હિંસાશક્તિ ખૂબ જ ત્વરિત ગતિથી આગળ વધતી જાય છે. આજે પણ આપણે એક એવા સ્થાને ઊભા છીએ કે જ્યારે અણુબોમ્બનો એક જ ધડાકો આપણા કરોડો વર્ષના અસ્તિત્વ, વિજ્ઞાન અને સંસ્કૃતિને મિટાવવા માટે બસ છે, મનુષ્યના બર્બર જીવનમાં હિંસા જે ન કરી શકી તે આજે સંસ્કૃત માનવજીવનમાં કરી શકે તેમ છે. મનુષ્યના આજના ઉત્કર્ષમાં તેની આખી જાતિનું નિકંદન નીકળી જાય એ આજ અસંભવ જેવું નથી રહ્યું. એટલું જ નહીં પણ માનવીનો વિચાર કરવાનો ઢંગ પણ એવો બનતો જાય છે કે આજની ભાષાનાં જેને સમાજવાદ કહિયે તે સામાજિક ન્યાય જે અહિંસાનું જ એક રૂપ છે તે વિશ્વવિનાશ તરફ આગળ જ ધપે જાય છે. આપણે એવી રીતે જ આજે વિચારીએ છીએ કે હિંસા આપણા લોહીના એકેએક ટીપામાં ભળી ગઇ હોય. જ્યારે આપણે અહિંસાની વાતો જાહેરમાં કરતા હોઇએ ત્યારે અંદરખાને હસીયે છીએ કે કેવા સારા સ્વરૂપે આપણે અહિં-સાની વાતો કરીએ છીયે. કોઇને ગળે છરી ચલાવતી

વખતે પણ બેધડક અહિંસાની વાતો કરી શકીએ છીએ તેમજ એટમબોમ્બ બનાવતાં બનાવતાં વિશ્વશાંતિની ચર્ચા પણ કરીએ છીએ છતાં આપણે સમજીએ છીએ કે આપણે એક એવા ભયસ્થાન પર બેઠા છીએ કે જ્યાં એક ઝટકો લાગતા જ સારીયે સંસ્કૃતિનો નાશ થઈ જાય.

તો પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે "આપણે શું કરવું ?" આજની હિંસાએ અહિંસાને આધ્યાત્મિક આદર્શના મહાન સિંહાસનેથી ખસેડીને તેને વ્યવહારિક રૂપ આપ્યું છે. અહિંસાનું સ્થાન ભલે ખસ્યું પણ ઘોર નિરાશા વચ્ચે એ વ્યવહારિક રૂપ આશાના એક કિરણ સમાન છે. માનવજાતિને માટે અહિંસા રોટી કરતાં પણ વધારે જરૂરી છે, કારણ કે રોટીની જરૂર તો તેનો કોઈ ખાવાવાળો હોય ત્યારે જ હોય જ્યારે અહિંસા ન હોય તો ખાનાર રહે જ ક્યાંથી ? પણ આ અહિંસાને લાવવી કેમ? આના જવાબ માટે માનવીએ જીવનની ઝીણી ઝીણી બાબતોમાં ઊંડા ઊતરી ચિંતન કરવું જ પડશે. આ માટે તાત્ત્વિક અનુસંધાનની તો જરૂર છે જ પણ સાથે સાથે તેને જીવનવ્યવહારમાં ઉતારવી પડશે. આને માટે રાજનીતિના ક્ષેત્રમાં ઈમાનદારી તેમજ અભય, જીવન જરૂરતોમાં સ્વાવલંબન, તેમજ યાંત્રિક-કૌશલ્ય અને ઈમાનદારી અને સામાજિક ક્ષેત્રમાં સહિષ્ણુતા અને નિરાડંબરપણું, રોજીંદા જીવનમાં કોમળતા અને શાકાહારિતા અને કાયદાના ક્ષેત્રે સામાજિક અને આર્થિક ન્યાય, એને માટે એક નવી સમાજનીતિ અને તેમાં કાર્ય કરનાર કાર્યકર્તાઓનો એક સમૂહ. કારણ કે આજે સમાજવાદ જ સામાજિક ન્યાયને એકતા અર્પે છે તેથી આપણે તેનું પુનર્નિર્માણ કરવાનું છે. પરંતુ આપણો સમાજવાદ ત્યારેજ આદરણીય બને કે જ્યારે મનુષ્યો જ નહીં પણ મનુષ્યેતર પ્રાણીઓને પણ આનંદમય જીવન વ્યતીત કરવાના અધિકારને આપણે સ્વીકારીએ.

(શ્રમણના પુસ્તક ૧૧ અંક ૨ માં આવેલા મુનિ શ્રી સુશીલકુમારજીના હિંદી લેખનો સાભાર અનુવાદ.

भवन्ति नम्रास्तरवः फलोद्गमै
र्नवाम्बुभिर्भूरि विलंबिनो घनाः ।
अनुद्धताः सत्पुरुषाः समृद्धिभिः
स्वभाव एवैष परोपकारिणाम् ॥

( પુષ્પિતાગ્રા )

તરુવર ફળથી નમે વધારે,
સજ્જન સમૃદ્ધિ સમે ન ગર્વ ધારે;
જલથી જલદનો થતો નમાવ,
પર ઉપકારી તણો જ એ સ્વભાવ.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિશ્વ સંવેદનમય

# શ્રી મહાવીર પરમાત્માનું જીવન

શ્રી ફતેચંદભાઈ ઝવેરભાઈ

**पान्तु वः श्री महावीरस्वामिनो देशनागिरः।**
**भव्यानामान्तरमलप्रक्षालनजलोपमाः ॥**

**"ભવ્ય જનોના આંતરિક પાપોને દૂર કરવા માટે જલસદશ શ્રી મહાવીર પરમાત્માની ઉપદેશ વાણી અમારું રક્ષણ કરો."**

પરિશિષ્ટપર્વ–શ્રીમદ્ હેમચંદ્રાચાર્ય.

પ્રત્યેક વર્ષની ચૈત્ર શુદી ૧૩ શ્રી મહાવીર પરમાત્માની જન્મજયંતી તરીકે ભારતવર્ષમાં ઊજવાય છે અને એમનું જીવન પર્યુષણપર્વમાં વંચાય છે. શ્રી મહાવીર પરમાત્માને મુક્તિ પામ્યાને ૨૪૮૬ વર્ષ થઈ ગયાં છે. છતાં એમની પવિત્ર વાણી જે દ્વાદશાંગીરૂપે એટલે કે અગીયાર અંગોમાં અને બારમા અંગના ઝરણાંરૂપે પૂર્વધરોના ગ્રંથોમાં સચવાઈ રહી છે તે વાણી આપણા આત્મામાં અનાદિકાળથી ચાલી આવેલા કુસંસ્કારોને દૂર કરવામાં સમર્થ છે. અનાદિકાળથી વિભાવ પરિણતિમાં પડેલો આપણો આત્મા જાગૃત થઈ સ્વભાવપરિણતિ સ્વીકારે અને તે રીતે પુરુષાર્થ પરાયણ થાય ત્યારે જ એમની પવિત્ર વાણી આપણા પ્રાચીન કુસંસ્કારને દૂર કરી શકે.

એમણે ત્રીજા ભવમાં સંયમી જીવનમાં એવી સુંદર ભાવના આત્મસાત્ કરી કે મારામાં એવી પ્રચંડ શક્તિ ક્યારે પ્રગટે કે હું વિશ્વના સર્વજીવોને મુક્તિમાં લઈ જઈ શકું ? આ ઉચ્ચ ભાવનાવડે એમણે પ્રચંડ પુણ્યાનુબંધ પુણ્યકર્મ બાંધ્યું, તીર્થંકર નામ કર્મ નિકાચિત કર્યું અને તેના ફળ સ્વરૂપે ત્રીજા જન્મમાં શ્રી મહાવીર તરીકે તેમનો જન્મ થયો. શ્રી હરિભદ્રસૂરિએ યોગબિંદુ ગ્રંથમાં કહ્યું છે કે વિશ્વના જીવોનો ઉદ્ધાર કરવાની મન વચન કાયા પૂર્વકની તમન્ના જેમને પ્રકટ થાય તે આત્મા તીર્થંકર થાય છે. જ્ઞાતિ સમાજ દેશ અને સંઘનો ઉદ્ધાર કરવાની તમન્નાવાળા આત્માઓ ગણધર થાય છે અને પોતાના જ આત્માનો કર્મથી મુક્તિવાળો ઉદ્ધાર ઇચ્છનાર આત્મા સામાન્ય કેવળી થાય છે.

તો પછી પ્રશ્ન થાય છે કે પરમાત્મા મહાવીર તીર્થંકર થયા પછી વિશ્વમાંથી અમુક સંખ્યાવાળા આત્માઓનો ઉદ્ધાર કરી શક્યા પરંતુ સર્વ આત્માઓને કેમ ઉદ્ધાર કરી શક્યા નહિ ? હકીકત એમ છે કે તીર્થંકરો પણ હાથ પકડીને કોઇને મુક્તિમાં લઇ જઈ શકતા નથી. પરંતુ એમણે કૈવલ્ય પ્રાપ્ત કરી **उपन्नेइवा विगइवा** અને **धुवेइवा**–એ ત્રિપદીથી જગતનું સ્વરૂપ રજુ કરી. ગણધર મહારાજાઓને બીજરૂપે આપ્યું અને તેમણે તે ઉપરથી દ્વાદશાંગીની રચના કરી. જે આત્માઓ આ દ્વાદશાંગીની વાણી પ્રમાણે સમ્યગ્દર્શન—જ્ઞાન—ચારિત્ર પ્રાપ્ત કરશે તેઓ અવશ્ય મોક્ષમાર્ગ સીધી રીતે પ્રાપ્ત કરી જન્મજન્માંતરમાં કર્મથી મુક્ત થશે.—આ રીતે પરંપરાએ તેઓની સર્વ જીવ કરૂં શાસન રસીની ભાવના ફલિત થશે. એમની વાણી એકેંદ્રિય નિગોદજીવથી માંડીને પંચેંદ્રિય મનુષ્યો તમામને માટે ઉપકારક છે. કેમકે મનુષ્યો એમની આજ્ઞાનું પાલન કરી એકેંદ્રિયથી માંડીને તમામ જીવો પ્રતિ મૈત્રી પ્રમોદ કારુણ્ય અને માધ્યસ્થ્ય ભાવના વડે ઉપકારક બને છે. અહિંસાવડે અન્ય જીવો ઉપર

For Private And Personal Use Only

અનુકંપા કરી તે તે જીવોને પોતાનું જીવન જીવવા દે છે, સત્ય વચન વડે પણ પોતાના અને પરના આત્માઓને અભય આપી શકે છે. અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહવડે સ્વપર આત્માઓનો ઉદ્ધાર કરી શકે છે. આ રીતે પરમાત્માના વચનોનો અમલ કરી સર્વ જીવોને પોતાનાં મિત્ર બનાવે છે—એ પરમાત્માની ભાવનાનોજ આવિષ્કાર છે.

મહાન પુરુષનું જીવન આપણને લાલબત્તી જેવું છે. આપણને સમયસરની ચેતવણી આપે છે, સાચી દિશાનું ભાન કરાવે છે, તેમજ આપણા વર્તમાન જીવન વિષે વિચારવાની તક રજુ કરે છે કે આપણે અત્યારે કયાં છીએ, કયાં જઈ રહ્યા છીએ, અને કયાં જવું જોઈએ? લગભગ ૨૪૮૬ વર્ષ પહેલાંના દિવસો એટલે પ્રાચીન ભૂતકાળના દિવસો, છતાં તે એટલા તેજસ્વી છે કે આપણી આંતરદૃષ્ટિને ઉઘાડે છે; સૂર્ય આપણાથી જેટલો દૂર છે તેટલી દૂર બીજી કોઈ ચીજ હોય તો કદાપિ ન દેખાય, પરંતુ સૂર્ય એટલો તેજસ્વી છે કે તે એટલો બધો દૂર હોવા છતાં સૌથી વધારે દેખાઈ શકે છે; મહાપુરુષના સ્મરણીય દિવસો એવીજ રીતે તેજસ્વી હોય છે, જે હજારો વર્ષસુધી લોકોને દેખાય છે એટલું જ નહિં પરંતુ તેમાંથી આધ્યાત્મિક પ્રેરણાઓ મળી રહે છે.

પ્રભુ મહાવીરના જીવનના એકેએક આદર્શ એટલા આકર્ષક છે કે તેનો વિચાર માત્ર આશ્ચર્ય ચકિત બનાવી મૂકે છે. એમની અહિંસા આકાશની સમાન વ્યાપક અને સૂક્ષ્મ છે; એમની તપશ્ચર્યા અને સહનશક્તિ અનુપમ છે, એમની ગૃહસ્થ અને સાધુસંઘની વ્યવસ્થાપકતા-બંધારણ મહાન રાજનીતિજ્ઞોને પણ મુગ્ધ કરે તેવી છે.

પરંતુ એનાથી વિશેષ જે વસ્તુ એમના જીવનમાં દૃષ્ટિગોચર થાય છે તે એમની સમન્વય શક્તિ છે. અગ્નિ અને પાણી જેવી બે વિરોધી વસ્તુઓનો જ્યારે સમન્વય કરવામાં આવે છે ત્યારે એન્જિનમાં જે શક્તિ ઉત્પન્ન થાય છે તેથી વિશાળ રેલ્વેગાડી વાયુવેગે દોડી શકે છે. સમન્વયના આધારે જ સંસાર ચાલે છે; એથીજ પ્રકૃતિ વિકાસ કરી રહી છે અને જગત ઉન્નતિ કરતું ચાલ્યું છે. તેથી જ શ્રી ઉમાસ્વામિજીએ તત્ત્વાર્થ સૂત્રમાં **परस्परोपग्रहो जीवानाम्** એ સૂત્ર મુકયું છે.

ભગવાન મહાવીરનો સમન્વયવાદ એ જ અનેકાંતવાદ; પરંતુ આપણે તે ભૂલી જઈ અનેકાંતની ચર્ચામાં સમન્વયવાદ શોધવાને બદલે ખંડનની ભાવનાને વધારે જોર આપ્યું છે. ગમે તે એકજ નયને પકડી રાખવાને અંગે અન્ય નયોનો અપલાપ થવાથી અનેકાંત એકાંત બની ગયો છે.

એમનું તત્ત્વજ્ઞાન-નિત્યાનિત્યપણું, એક અનેકપણું, મૂર્ત અમૂર્તપણું, નિશ્ચય અને વ્યવહાર, ઉપાદાન અને નિમિત્ત, દ્રવ્ય ગુણ પર્યાય, સાત નયો, સપ્તભંગીઓ છ દ્રવ્યો, પાંચ સમવાયો, ચાર અનુયોગો અને **ज्ञानक्रियाभ्यां मोक्षः** વગેરે સૂક્ષ્મ હકીકતોથી ભરપૂર છે; આઠ કર્મોનું સૂક્ષ્મ સ્વરૂપ બંધ, ઉદય, ઉદીરણા, સત્તા, સંક્રમણ વગેરે અન્ય દર્શનોમાં દૃષ્ટિગોચર થતું નથી.

મહાન્ ઈશ્વર શ્રી મહાવીરે જગત્ બનાવ્યું નથી, પણ જગતનું સ્વરૂપ બતાવ્યું છે; આત્મા પોતે જ બ્રહ્મા વિષ્ણુ અને મહેશ્વર છે. માતાના ગર્ભમાં આવી પોતે જ આહાર લેવા મૂકવા વિગેરે પર્યાપ્તિઓ —શક્તિઓ ઉત્પન્ન કરે છે. અને જીવનપર્યંત તે શક્તિઓનું પાલન કરે છે. તેમ જ જીવન પૂરું થયે તે વિસર્જન કરે છે અને નવા જન્મમાં એ રીતે ક્રિયા થયા કરે છે. આ વસ્તુસ્થિતિમાં કર્મજન્ય કાર્ય છે; અન્ય કોઈનું નથી. કર્મના પરાધીનપણામાં આત્માના પોતાના ક્ષેત્રમાં સંકલનાબદ્ધ કાર્ય થયાં કરે છે; આત્મા અને કર્મ મળીને આ સંસાર અનાદિ કાળથી સરજાયો છે, સરજાય છે અને સરજાશે. જગતકર્તા ઈશ્વર જેવી કોઈ વ્યક્તિ રહેતી નથી; આ તેમનો સર્વજ્ઞપણાનો સિદ્ધાંત છે.

કાળ, સ્વભાવ, ભવિતવ્યતા, ઉદ્યમ અને કર્મરૂપ પાંચ સમવાયોથી ચોક્કસ સંકલના પ્રમાણે આ જગત્ -સંસાર ચાલ્યા કરે છે. તેમાં વચ્ચે બીજી કોઈ વ્યક્તિની જરૂર રહેતી નથી; કર્મ અને આત્માના

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પુરુષાર્થ બાબતમાં એમણે કર્મનું સ્વરૂપ આત્માને અધઃપતન કરાવનારું બતાવીને, છેવટે પુરુષાર્થ ઉપર મુખ્યતા મૂકી છે; પુરુષાર્થ કર્યા વગર કર્મનો વિનાશ ન થઈ શકે: આપણા આત્મામાં ભૂતપૂર્વ કર્મોના સામ્રાજ્યને લઈને નિર્બળતાઓ ભરી પડી છે; જેથી આપણને કાળનો પરિપાક થયો નથી, કર્મનું બળ ભવિતવ્યતા બળવાન છે વગેરે વગેરે નિમિત્તોને આગળ કરીને આપણે આશ્વાસન લઈએ છીએ અને આપણી નિર્બળતા છુપાવીએ છીએ; પણ પુરુષાર્થને આગળ કરીએ એટલે ક્રમેક્રમે કાળ અને ભવિતવ્યતા વગેરે સમવાયો તેમાં સમાઈ જાય છે, અને આત્મા બળવત્તર બનતા સકળ કર્મોનો ક્ષય કરી શકે છે.

પરમાત્મા મહાવીરે કહ્યું છે કે મારી પાસે મુક્તિ કે મોક્ષ નામની કોઈ ચીજ નથી કે હું તમને આપી શકું; પણ તમે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રને માર્ગે ચાલવા પ્રયત્ન કરશો, જિનપ્રતિમા અને જિનાગમનું આલંબન લેશો, ગુણદૃષ્ટિ રાખી સમભાવની વૃદ્ધિ કરશો, જ્ઞાન અને ક્રિયા ઉભયની સાધના કરશો, સાત નયોને સાપેક્ષ રાખી ખંડનાત્મક પ્રવૃત્તિથી દૂર રહી અનેકાંતવાદ સ્વીકારશો, અહિંસા, તપ, ત્યાગ અને સંયમમાં પુરુષાર્થ કરશો, શ્રદ્ધાબળ, જ્ઞાનબળ, ચારિત્રબળ અને ધ્યાનબળનો આત્મામાં વિકાસ કરતા રહેશો અને ભવાંતર માટે શુભ સંસ્કારો લેતા જશો તો અવશ્ય આ અનાદ્યનંત સંસારનો તમારો માટે છેડો આવશે તેમજ આત્માના અનંતગુણોનો વિકાસ થતાં કર્મથી સ્વતંત્ર રીતે પોતેજ પોતાને મુક્ત કરી શકશો. પરમાત્મા મહાવીરે કર્મનો સૂક્ષ્મ સિદ્ધાંત કેવળજ્ઞાનથી તપાસી જે રીતે રજૂ કર્યો છે તે સર્વજ્ઞપણાની સાબીતી છે; આત્મા પોતાથી પર જડભાવ–વિભાવ પરિણતિમાં પડે ત્યારપછી રાગ, દ્વેષ, ચાર કષાયો વગેરે વડે શરીર, પુત્ર, પરિવાર, હાટ, હવેલી વગેરેમાં મમત્વો વધતા જાય; એ રીતે વિષચક્રમાં આત્મા ગૂંચવાઈ કર્મ બાંધી રહ્યો છે; જ્ઞાન ચેતનાની જાગૃતિ વગર કર્મચેતના અને કર્મફળ ચેતના અનુભવી રહ્યો છે; અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ, માર્ગાનુસારીપણું, જિનપૂજા, જીવદયા, ગુણસ્થાનો, ગૃહસ્થનાં બાર વ્રતો, ઓછામાં ઓછી ગૃહસ્થની સવાવસા દયા, સાધુધર્મની વીસવસા દયા, દાન, શીલ, તપ અને ભાવ, નવતત્ત્વો વિગેરે તત્ત્વજ્ઞાન અને ક્રિયામાર્ગનું ઉચ્ચ બંધારણ–વીરપ્રભુએ સમગ્ર વિશ્વ સંવેદનને લક્ષમાં લઈ આપણી સમક્ષ મુકેલું છે; એ બંધારણ પ્રમાણે જો મનુષ્ય વર્તે તો ઓછામાં ઓછા ભવે, પુણ્યાનુબંધી પુણ્ય ઉપાર્જન કરી, પ્રાંતે નિર્જરા થતાં કર્મોનો ક્ષય કરી મુક્તિપદ પ્રાપ્ત કરી શકે.

પરમાત્મા મહાવીરે જે સિદ્ધાંતો આપણી સમક્ષ મૂક્યા છે તે ૨×૨=૪ જેવાં ચોક્કસ છે. એમણે નવા મૂક્યા નથી પૂર્વના તીર્થંકર સર્વજ્ઞોના પણ એજ સિદ્ધાંતો શાશ્વત છે; સત્ય એકજ હોઈ શકે છે.

પાદર્થવિજ્ઞાન તો પરમાત્મા મહાવીરના અનંત જ્ઞાનનો એક વિભાગ છે. દા. ત. શ્રી ભગવતીસૂત્રમાં ભાષા-વર્ગણાના પુદ્ગલોને કયા વર્ણ, ગંધ, રસ અને સ્પર્શો છે તે ગૌતમસ્વામીજીના પ્રશ્નોનો ઉત્તર પ્રભુ મહાવીરે આપેલો છે. આવું સૂક્ષ્મ જ્ઞાન સર્વજ્ઞ સિવાય બીજાને હોઈ શકે નહિ. હજારો વર્ષ પહેલાં પરમાત્માએ કહેલું છે કે ભાષાવર્ગણા એ પુદ્ગલરૂપ છે; તે હાલમાં રેડિયો અને ગ્રામોફોનદ્વારા સિદ્ધ થયું છે તેમજ છાયા અને પ્રકાશના પુદ્ગલો પણ કેમેરામાં ઝડપાયાં છે. આત્મા અને પુદ્ગલ બંનેની અનંત શક્તિઓ નિવેદન કરેલી છે.

આ રીતે જીવ માત્ર ઉપર સમસંવેદન રાખનાર ભગવાન મહાવીરનો આર્હતધર્મ ઉદ્ઘોષણા કરે છે કે કર્તવ્ય કર્મોને આદરી સદ્વર્તન ધારણ કરતો, ઉદાસીનતા, ખેદ, ચિંતા અને ભય કે જે મનોબળને નબળું પાડનાર છે અને આત્માના ભાવિ ઉદયને અટકાવનાર છે તેને હૃદયમાં પેસવા દેશો નહિં, આવેલ કષ્ટને પૂર્વ કર્મનો ઉદય જાણી શાંતિપૂર્વક સહન કરી કર્મોનું દેવું ચૂકવજો, નિરંતર આત્મચિંતવન કરજો; કટુતામાં મધુરતા રાખજો, દુઃખમાં સુખ માની લેતાં શીખજો, દુઃખોને અનુભવી ઢીલાં થશો નહિ, અને સંતાપના રોદણાં રડશો નહિં. તમારા આત્માને દર્શન—જ્ઞાન—ચારિત્રમાં ઓતપ્રોત કરી નિશ્ચય બળથી તેને ટકાવી રાખી ઉત્તરોત્તર પ્રગતિ કરજો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રાવકપદનો અધિકારી કોણ ગણાય ?

" પ્રબુદ્ધ જીવન " ૧૬-૬-૬૦ ના અંકમાંથી સાભાર ઉધૃત

દેસાઇ વાલજી ગોવિન્દજી

કોઇ માણસને સારી નોકરી જોઇએ તો તેનામાં અમુક લાયકાત હોવી જોઇએ એવી અપેક્ષા રહે છે. ડાકટર જોઇએ તો એમ બી. બી. એસ. ને, એંજિન્યર જોઈએ તો બી. ઇ. ને, શિક્ષક જોઇએ તો બી. એ, બી. ટી. અને પ્રાધ્યાપક જોઈએ તો એમ. એ, પીએચ. ડી, ને જ લોકો રાખે છે. એવી જ રીતે શ્રાવકનું મહાપદ પામવા સારૂ પણ અમુક પાત્રતા માણુસમાં હોવી જોઈએ એવી આપણા શાસ્ત્રકારો અપેક્ષા રાખે છે.

ભીંત ધોળ્યા પછી એના ઉપર ચિત્ર કરાય; વસ્ત્રને ધોયા પછી એને રંગાય, અને ખેતર ખેડે પછી તેમાં બીજ વવાય. એવી જ રીતે અમુક સામાન્યધર્મ માણસ પાળતો થઈ જાય તે પછી જ બાર વ્રત ધારણુ કરવાની યોગ્યતા એનામાં આવે છે.

આમ શ્રાવકપદના અભિલાષીએ જે ગુણુ પોતામાં ખીલવવા જોઇએ તે શ્રી હેમચન્દ્ર આચાર્યના યોગશાસ્ત્ર (પ્રથમ પ્રકાશ ,માં ગણાવ્યા છે. તેમાં પહેલો ગુણુ આ છે કે શ્રાવક ન્યાયસંપન્ન વિભવઃ હોય, એટલે શ્રાવક પૈસા કમાય તે ન્યાયપૂર્વક કમાય; લુચ્ચાઇ કરીને, માલમાં ભેગ કરીને, ગ્રાહકને છેતરીને કે લાંચ ખાઇને ન કમાય.

આ વિષયને લાગતું એક સંસ્કૃત સુભાષિત છે કેઃ–

वरं दारिद्यमन्यायप्रभवात् विभवात् इह।
कृशता (अ भिमता देहे पीनता न तु शोफतः ॥

'અનીતિ કરીને સાહુકાર બનવા કરતાં નિર્ધન રહેવું સારું. પાતળું શરીર સારું, પણ સોજા ચડીને શરીર હૃષ્ટપુષ્ટ દેખાય તે સારું નહિ.'

જયશેખરસૂરિ (ઉપદેશચિન્તામણિ, ૩–૪) લખે છે કે–

धम्मोवि जो धणेणं कारइ ववहारसुद्धिरहिएण।
सो न लहइ विच्छारं तरूव्व लवणंबुसंसित्तो ॥

'હાથ મેલા કરીને કરેલી કમાણીમાંથી માણસ ધર્મ કરે તો તેમાં તેની આડીવાડી વધે નહિ; જેમ ઝાડને ખારું પાણી પાય ને એ વધે નહિ તેમ.'

એ જ પ્રમાણે ઉદયવીરગણિ પાર્શ્વનથચરિત્રમાં કહે છે કેઃ-

अन्यायेन तु या लक्ष्मीः सा प्रदीपनादुद्युतिः।

'અન્યાયથી કમાણી કરવી તે ઘર સળગાવીને દીવો કરવા જેવું છે.'

તેમ છતાં પરાપૂર્વથી ચાલતાં આવેલાં વેપારીનાં લક્ષણ વર્ણવતાં જયશેખરસૂરિ (ઉપદેશચિન્તામણિ ૨, પાનું ૫૦) લખે છેઃ

विश्वस्तवंचनं मायारचनं वचनं वमृषा।
गुरुन् विनापि विधेयं वणिजां स्यादयत्नजा ॥

'પોતા ઉપર વિશ્વાસ રાખનારને છેતરવા, ખોટી માયા રચવી, ખોટું બોલવું–આ બધી વિદ્યા વિના પ્રયત્ને, કોઇએ શીખવ્યા વિના જ, વેપારીમાં આવી જાય છે.'

વેપારીની આ 'અવિદ્યા'ના દૃષ્ટાન્તરૂપે જયશેખરસૂરિ રસભેદ અને પ્રતિરૂપવ્યવહાર (ભેગ)નો નિર્દેશ કરે છેઃ

विक्रेतव्यकुंकुमादिवस्तुना प्रतिरूपं सदृशं कुसुम्भादि प्रक्षिप्यते यत्र व्यवहारे स तत्प्रतिरूपो व्यवहारः।

'વેચવાની કેસર આદિ વસ્તુના જેવું કસુંબાનાં ફૂલ આદિ ભેળવે તે પ્રતિરૂપ વ્યવહાર.'

સૂરિજી આજ બેઠા હોય તો વેપારી ઘીમાં વનસ્પતિ તથા કતલ કરેલાં ઢોરની ચરબીનો ભેગ કરે છે તેનો દાખલો આપે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કણુપીઠમાં આવતું અનાજમાત્ર વેચાતું લઈ તેનો સંગ્રહ કરીને ભાવ ચડાવવાનો પ્રયત્ન કરતા ખેલાડી આજ ઘણા પડ્યા છે; પણ વિક્રમ સંવત્ ૧૩૧૫માં પડેલા દુષ્કાળમાં ભદ્રેશ્વરના શ્રીમાળી જગડુશાહે ૧૧૨ દાનશાળા ઉઘાડી હતી, અને હમીરને ૧૨,૦૦૦ મૂડા, વીસલદેવને ૮,૦૦૦ મૂડા તથા દિલ્હીના બાદશાહને ૨૧,૦૦૦ મૂડા ધાન્ય આપ્યું હતું, એના જેવા પરોપકારી વેપારી આજ હોય તો આપણે જાણતા નથી.

अट्ट य मूढसहस्सा वीसलरायस्स बार हम्मीरे ।
इगत्रीस य सुरत्ताणे दुष्भिक्खे जगडुसाहुणा दिन्ना ॥

નવકરવાલિ મણિઆડા, તે પર અલગા ચાર,
દાનશાલા જગડુતણી, દીસે પુરવ મુઝાર.

(ઉપદેશપ્રાસાદ ૪, પા. ૩૬, ૧૧૨)

વેપારી ઊંચા ભાવને લોભે સંઘરા કરે છે એટલું જ નહિ પણ બીજાં પણ કઇક કુકર્મ કરે છે તે વિષે જિનમંડળના શ્રાદ્ધગુણવિવરણ (પા ૭૮)માં એક શ્લોક આપ્યો છેઃ

क्रयविक्रयकूटतुलालाघवनिक्षेपभङ्गाणव्याजैः ।
एते हि दिवसाचौरा मुष्णन्ति महाजने वणिजः ॥

વસ્તુ વેચતા તથા વેચાતી લેવામાં કૂડકપટ, ઓછું તોળવું, પારકી થાપણ ઓળવવી,–એવી એવી રીતે, આ ધોળા દિવસના ચોર વેપારી, મેદની મળી હોય તેની વચ્ચે બેસીને ચોરી કરે છે.'

પહેલાં પ્રથમ માણસ નિત્ય ઉઠીને હાલતાં ને ચાલતાં આવાં અનેક પાપ કરે છે તેનાથી નિવૃત્ત થાય; પછી સામાયિક–પ્રતિક્રમણ, ઉપવાસ, છઠ, અઠ્ઠમ, અઠ્ઠાઇ, માસખમણ કરે તથા ધર્મની ચર્ચા કરે. એટલે તો જયશેખરસૂરિ (ઉ. ચિ. ૪–૫૧) પ્રશ્ન પૂછે છે, કે

कट्ठकिरियाहिं देहं दमन्ति किं ते जडा निरपराहम् ।
मूलं सव्वदुहाणं जेहिं कसाया न निग्गहिया ॥

'જેણે દુઃખમાત્રના કારણભૂત માયા (લુચ્ચાઇ), લોભ, ક્રોધ, માન આદિ કષાયનો ત્યાગ નથી કર્યો, તેવા જડ લોકો બાપડા નિરપરાધ શરીરને તપકાયોત્સર્ગ વનવાસઆદિ કષ્ટક્રિયાથી શું કામ પીડતા હશે?'

शिशुरपि निपुणो गुरा गरीयान्
न तु वपुषैव महान् महत्प्रतिष्ठः ।
मणिरणुपि भूषणाय पुंसां
न तु पृथुलापि शिलासंहतुः ॥

(સોરઠા)

મોટા નર તે જાણ, જેનામાં ગુણ છે ઘણા;
મોટા તો છે પાણ, પણ પેંસાય ન કોટમાં.
છે મણિ અણુ સમાન, પણ જન ભૂષણમાં ધરે,
બાળક પણ ગુણવાન, એમ જ મોટપ માણશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ચિંતન અને મનન

* પુષ્પો અને પથ્થરો, ધિક્કાર અને ધન્યવાદ એ કાંઇ માનવનો માપદંડ નથી. માનવનું સાચું મૂલ્ય તો તેમની અંતરની ઓળખાણથી જ આલેખી શકાય.

* સુખ અને દુઃખ, હર્ષ અને શોક, ગુણ અને દોષ એ બધું માનવ જીવન સાથે જડાએલું જ છે, પરંતુ એ બધા પ્રસંગોએ સમતા દાખવી સમધારણ રહી શકે એજ ખરો માનવ ! અરે....મહામાનવ...! !

* માનવ મનને પારખવુ હોય તો પારખી લેજો કે કતલના આધારે સમાજ પલટાવનારો પુરુષ તામસી હશે. કાનુનના આધારે સમાજ સુધારનારો રાજસી હશે અને કરૂણાના આધારે ક્રાંતિ કરનારો સાત્વિક હશે. માનવ મનનું આ એક પૃથ્થકરણ છે.

* બેશક શ્રમ એ નીતિનો શ્રેષ્ટ ગુણ છે. પરંતુ સમાજની બુદ્ધિ બુઠ્ઠી કરી શ્રમનો મહિમા ગાનારો તો કેવળ શ્રમાંધ જ છે. એમનો શ્રમ સમાજમાં ક્રાંતિ લાવી શકે જ નહિ.

* આ સારો અને પેલો નઠારો એવું કહેનાર મહાપુરુષ જગત સાથે એક્તા કેમ સાધી શકે ? આ જગત એજ જેમનું પરિપૂર્ણ અંગ છે. અર્થાત જે વિશ્વાત્મૈકય સાધવા ચાહે છે તેની દૃષ્ટિમાં કોણ ગુનેગાર ? કોણ ફરિયાદી અને કોણ ન્યાયાધિશ ?

* સંતોની ક્ષમામાંજ એવી શક્તિ ભરી છે કે તે ગુનેગારને પલટાવી દે છે. ન્યાય લેવા જવું, કોર્ટે ચડવું કે દંડની અપેક્ષા રાખવી એ બધું નિર્બળ માનવોને જ શોભે...! સંતોનો શિરોમણી ગુણ તો છેઃ—

ક્ષમા....! ક્ષમા ! ! ક્ષમા...! ! !

* પાંડવોનો ન્યાય કરવા માટે આખીએ હસ્તીનાપુરનગરીમાં દુર્યોધનને કોઇ સારો માનવી ન મળ્યો અને ધર્મરાજને કોઇ ખરાબ માનવી ન મળ્યો.

આ પ્રસંગપરથી આપણે એજ પાઠ શિખીએ કે "દૃષ્ટિ એવી સૃષ્ટિ" અને "આપ ભલા તો જગ ભલા"

* સમાજની મર્યાદાને સમજ્યા વિના કેવલ નીતિ વચનો જ ઉચ્ચાર્યે જવાથી નથી થતું જગકલ્યાણ કે નથી થતું આત્મકલ્યાણ. આવા માનવીનું નામ દુનિયા પાગલોની પોથીમાં જ નોંધી લે છે.

* ગમે તે ખાવું અને ગમે ત્યાં પડ્યા રહેવું એ તો નરી પશુતા જ છે. સાચા સંતનું જીવન તો નિયમિત, વ્યવસ્થિત અને સંયમી હોઇ શકે કારણ કે શાસ્ત્રમાં યમ અને નિયમ એ બે યોગના પ્રથમ સોપાન ગણાવ્યાં છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



* પોતાની સંપત્તિને માલિકીની મુઠ્ઠીમાં જકડી રાખી અન્યને વિશ્વબંધુત્વના પાઠ ભણાવનારો માનવી શું જગતને મૂરખ માનતો હશે ખરો કે ?

* ધનનાં ઢગલાં પર બેસીને મહેરબાનીનો એકાદ ટુકડો ગરીબો પર ફેંકવા માત્રથી પુણ્ય પામવું મુશ્કેલ છે, કારણ કે ભગવાન ઇસુએ કહ્યું છે : "સોયના નાકામાંથી ઊંટને નીકળવું સહેલ છે પરંતુ પૈસાવાળાને સ્વર્ગમાં જવુ મુશ્કેલ છે."

* દર્દીને ન પચે એવો ખોરાક આપનાર ડૉક્ટર દર્દીનું હિત ન કરતા અહિત જ કરી બેસે તેમ યુગ ન અપનાવી શકે તેવો ઉપદેશ સમાજને આપનારો મહાપુરુષ પણ સમાજનું અકલ્યાણ જ કરી બેસે.

* મહેનત ! મહેનત !! મહેનત !!!

મહેનતનો વધુ પડતો મહિમા ગાનાર ઘણીવાર જ્ઞાનના કાયર માણસો જ હોય છે.

મહેનતનો સાચો મહિમા તો જ્ઞાનપ્રજ્ઞ પુરૂષોને હાથે જ પ્રગટી શકે.

* સાચા શ્રમનો પરસેવો ગંગાસ્નાન કરતાં વધુ પવિત્ર છે.

* પરિણામની પાછળ દોડવાની ઘેલછા રખે કરતા !!

પરિણામ એ તો પુરુષાર્થનો માત્ર પડછાયો છે. એટલે તો ગીતામાં ગાયું છે કે :-

કોઇપણ જીવને આઘાત પહોંચે એવી કટુ-કઠોર વાણી સાચી હોય તો પણ ન ઉચ્ચારવી કેમકે એવી કઠોર વાણી ઉચ્ચારવાથી ઘણીવાર પાપ-દોષ લાગવાનો સંભવ રહે છે.

સ્વહિતે કે પરહિતે અગર તો એમાંના કોઈપણ માટે પૂછવામાં આવે તો પણ પાપમય નિરર્થક કે ગઢ-મર્મભેદી વાણી બોલવી નહિ. —**ભગવાન મહાવીર**

ઝેરમાંથી પણ અમૃત લેવું, બાલકના મુખથી પણ સારી વાત સાંભળવી, શત્રુઓથી પણ ચારિત્ર્ય શીખવું અને કચરામાંથી પણ સોનું મેળવતા શીખવું. —**ભગવાન મનુ**

ઘડાવામાં મજા છે. ઉપયોગમાં લેવાવામાં પણ મજા છે. બાજુએ મૂકાઇ જવામાં પણ મજા છે. અને ભાંગી નખાવામાં પણ મજા છે. એ સમાન મજાને તું શોધી કાઢ.

આજે જે હું નથી કરી શક્તો તે હું હવે પછી કરી શકીશ તેની નિશાની છે. અશકયતાનો ભાવ બધી જ શકયતાઓની શરૂઆત છે. — **મહાયોગી અરવિંદ**

મારુ લક્ષ વિશ્વમૈત્રી છે. આપણે વિશ્વ ભ્રાતૃત્વ માટે જીવવા અને મરવા ઇચ્છીએ છીએ.
—**ગાંધીજી**

પોતાના સત્કાર્યોથી જે ભગવાનને પૂજે છે તે સિદ્ધિને પામી શકે છે—**ભગવાન કૃષ્ણ**

જે તારી સેવા કરે છે તેને થોડી સોનામહોર આપવાથી તું ઋણમુક્ત થતો નથી. જો કાંઇ આપવું જ હોય તો તેને તારું હૃદય આપ; નહિ તો તેની સેવા કર. —**ખલીલ જીબ્રાન**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સમાચાર સાર

## મુંબઇ :—

અત્રે શ્રી ગોડીજી મહારાજ જૈન દેરાસર તથા ધર્માદા ખાતાઓના નૂતન ઉપાશ્રયનું ઉદ્‌ઘાટન સં. ૨૦૧૬ના શ્રાવણ સુદ ૧૧ તા. ૩-૮-૬૦ના રોજ શેઠશ્રી કસ્તુરભાઈ લાલભાઇને હસ્તે થયું હતું. તે વખતે જૈન જૈનેતરોએ સારી સંખ્યામાં હાજરી આપી હતી. તેમાં અનેક વક્તાઓએ પ્રસંગોચિત પ્રવચનો કર્યા હતા. તેમાં શેઠ શ્રી કસ્તુરભાઇએ ઉદ્‌ઘાટન કરતાં કહ્યું હતું કે,—" જૈન સંસ્કૃતિ હજારો વર્ષ જૂની છે એટલું જ નહિ તે સંસ્કૃતિ મારફત જૈનોની તેમજ જૈનેતરોની અનેકવિધ સેવાઓ કરવામાં આવી છે. જૈન ધર્મની સવિશેષ મહત્તા એ છે કે તેણે કોઈ નાતજાતના ભેદ સ્વીકાર્યા નથી. બીજી સંસ્કૃતિની માફક જૈન સંસ્કૃતિમાં ચડતી પડતી આવતી રહી છે. કોઈ વખત બૌદ્ધને લીધે; તો કોઇ વખત હિન્દુઓને લીધે જૈનોને અને જૈન સંસ્કૃતિને શોષવું પડયું છે. પણ આજે તો એવી દુઃખદ ઘટના બની રહી છે કે જૈનોના હાથે જ જૈન સંસ્કૃતિને પારાવાર નુકશાન પહોંચી રહ્યું છે. જૈન સંસ્કૃતિને હિસાબે જૈન સંઘની મોટામાં મોટી સંસ્થા, જે સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકાઓનો બનેલો સંઘ આજે અસ્તવ્યસ્ત બની ગયેલ છે, એટલું જ નહિ પણ ઘણી ક્ષતિઓ આવી છે. જૈન સંઘનું બંધારણ સુવ્યવસ્થિત ન હોવાને કારણે તેમજ શ્રાવકો શ્રાવકો વચ્ચે અને સાધુ સાધુ વચ્ચે જે ભેદભાવની નીતિને લઇને જે પરિસ્થિતિ ઊભી થઇ છે તેથી કોઇપણ જૈન કે જૈન સાધુને મનદુઃખ થયા વિના નહિ રહે. આમાંથી બચવાનો એક માત્ર ઉપાય એ છે કે પક્ષાપક્ષી કર્યા વિના સંઘનું એક ચોક્કસ અને પાકું બંધારણ ઘડવું જોઇએ, જેથી આપણે જે નીચે ઊતરી રહ્યા છીએ તેમાંથી બચી શકીએ. શેઠ શ્રી કસ્તુરભાઈ લાલભાઇએ પ્રવચન કરતાં વધુમાં જણાવ્યું હતું કે—ગામોગામ જ્યાં જૈન ભાઇઓની વસ્તી છે અથવા તો સાધુ મહારાજો બીરાજમાન છે ત્યાં આ બાબતનો વિચાર થવો ઘટિત છે. જો આમ નહિ થાય તો આપણું ભવિષ્ય કપરું છે તેમ સમજવું.

ઉપાશ્રયોમાં કોઈપણ જાતના ગચ્છનો ભેદભાવ રાખ્યા વિના હરકોઇ પાંચ મહાવ્રતધારી સાધુ મહારાજ કે સાધ્વી મહારાજ ઊતરી શકે તેમ હોવું જોઇએ. આજે આપણે હાથે જ આપણે એ પરિસ્થિતિ ઊભી કરી છે કે અમુક ઉપાશ્રયમાં અમુક ગચ્છના સાધુ સાધ્વી જ ઊતરી શકે. આ ઘણીજ અસહ્ય વસ્તુ છે, તેમજ આપણા ધર્મના સિદ્ધાંત સાથે કોઈ રીતે બંધ બેસતી પણ નથી ઉપાશ્રયનું ઉદ્‌ઘાટન કરવા મને બોલાવવા માટે ફરીથી આભાર માનું છું અને આશા રાખું છું કે મેં જણાવેલા વિચારોમાં કોઇ ક્ષતિઓ હોય તો ક્ષમા કરશો

એ પછી હર્ષનાદ વચ્ચે ઉપાશ્રયનું ઉદ્‌ઘાટન થયું. શેઠ લક્ષ્મીચંદ દુર્લભજીએ આભારવિધિ કર્યા પછી સમારંભ સમાપ્ત પામ્યો હતો.

## શ્રી મહાવીર જૈન વિદ્યાલય

માર્ચ, ૧૯૬૦માં લેવાયેલ એસ.એસ.સી. પરીક્ષામાં સહુથી વિશેષ ગુણ પ્રાપ્ત કરનાર અને કૉલેજમાં આગળ અભ્યાસ કરનાર શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન વિદ્યાર્થીની કુમારી શ્રી ઇલા ખીમજી દેઢીઆને શ્રી મહાવીર જૈન વિદ્યાલયની વ્યવસ્થાપક સમિતિએ રૂપીઆ બસો પચ્ચીસનો—" **શ્રીમતી લીલાવતી ભોળાભાઇ મોહનલાલ ઝવેરી જૈન વિદ્યાર્થીની સ્કૉલરશિપ** "—આપવા નક્કી કરેલ છે. આ વિદ્યાર્થીનીએ છેલ્લી એસ.એસ.સી. પરીક્ષામાં ૬૧૮–૮૦૦ ( ૭૭.૨૫ % ) ગુણ પ્રાપ્ત કરેલ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ભાવનગર :—

# ઈનામી મેળાવડો

ભાવનગર શ્રી જૈન ધાર્મિક શિક્ષણ મંડળ તરફથી લેવાયેલ ત્રીજી વાર્ષિક પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલ બાલક બાલિકાઓને પારિતોષિક આપવાનો એક મેળાવડો તા. ૩૧-૭-'૬૦ ને રવિવારના રોજ બપોરના અઢી કલાકે શ્રી સમવસરણના વંડામાં પૂજ્ય મુનિગણની નિશ્રામાં યોજવામાં આવ્યો હતો. જે સમયે પ્રતિષ્ઠિત ગ્રહસ્થો અને શ્રાવક શ્રાવિકાઓએ સારી સંખ્યામાં હાજરી આપી હતી.

શ્રી ચત્રભુજભાઈ જેચંદ તથા શ્રી છોટાલાલ નાનચંદે પ્રાસંગિક પ્રવચનો કર્યા હતા. બાદ મેળાવડાના પ્રમુખ શ્રી ગુલાબચંદ લલ્લુભાઈએ પોતાનું વક્તવ્ય કર્યું હતું. જેમાં તેઓએ આજના ભૌતિકવાદની અસરથી મુક્ત રહેવા માટે ધાર્મિક શિક્ષણની જરૂરીયાત અને તે માટે અહીંનું મંડળ જે સુંદર કાર્ય કરી રહ્યું છે તે ઉત્તરોત્તર વિકાસ કરી શકે તે માટે સાથ આપવા સમાજને તથા શ્રી સંઘને હાર્દિક અપીલ કરી હતી. પછી તેઓશ્રીના હસ્તે તમામ પાઠશાળાના વિદ્યાર્થી ભાઇ-બહેનોને પારિતોષિક તથા પ્રમાણપત્રો તથા શિક્ષક ભાઇ-બહેનોને બોનસ મળી કુલ રૂપિયા એક હજારના ઈનામો વહેંચવામાં આવ્યા હતા.

બાદ પૂ. મહારાજશ્રી ભુવનવિજયજી મહારાજે તથા પંન્યાસજી શ્રી સુબોધસાગરજી મહારાજે સમ્યગ્‌ જ્ઞાનની મહત્તા વિશદ રીતે હળવી ભાષામાં બહુ સુંદર રીતે સમજાવી હતી.

ત્યાર પછી આભારવિધિ થયા બાદ મેળાવડો પૂર્ણ થયો હતો.

અત્રે શ્રી ગોડીજી પાર્શ્વનાથના દેરાસરના રસ્તા ઉપરના ભાગમાં સં. ૨૦૧૬ શ્રાવણ વદ ૨ને સોમવારના રોજ સવારે શ્રી જયંતીલાલ માનચંદને હસ્તે નવા દેરાસરની શિલારોપણ વિધિ થઈ હતી. આ પ્રસંગે જૈન ભાઈ બહેનોએ મોટી સંખ્યામાં હાજરી આપી હતી. પ્રભાવના કરવામાં આવી હતી.

## અવસાન નોંધ

હાલમાં મુબઈમાં વસતા અને શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સ, શ્રી જૈન સ્વયંસેવક પરિષદ વગેરે અનેક જૈન સંસ્થાઓના આગેવાન કાર્યકર શ્રી મોહનલાલ દીપચંદ ચોકસીનું ૬૨ વર્ષની ઉમરે મુંબઈમાં સંવત ૨૦૧૬ના શ્રાવણ વદ ૧ ને રવિવારે રાત્રીના એક વાગે અવસાન થયું તે સમાચારથી જૈન સમાજમાં ખૂબજ શોકની લાગણી ફેલાઈ છે.

સ્વર્ગસ્થ શ્રી મોહનભાઈ સેવાભાવી, નીડર, અને સતત કાર્યશીલ કાર્યકર્તા હતા. જૈન સંસ્થાઓની મુશ્કેલીઓમાં ખૂબજ ધીરજથી કામ લઈ શકતા. એઓશ્રીની સાહિત્યોપાસના પણ નોંધ પાત્ર છે. જૈન પ્રભાવિક પુરૂષો જેવા પુસ્તકો લખીને તેમણે સારી કીર્તિ સંપાદન કરી છે. જૈન સમાજના પ્રશ્નોમાં ખૂબ લાગણી પૂર્વક વિચારણા કરી પોતાના વિચારો સમાજ પાસે સચોટપણે રજૂ કરતાં.

શ્રી જૈન આત્માનંદ સભા ભાવનગરના પણ તેઓ લાઈફ મેમ્બર હતા. તેમજ આ માસિકમાં તેઓશ્રી અવારનવાર મનનીય લેખો લખતા. આ રીતે આ સંસ્થાના કાર્યમાં તેમનો પૂર્ણ સાથ અને સહકાર હતો. તેમના જવાથી આખા સમાજને ભારે ખોટ પડી છે. અમો સ્વર્ગસ્થના આત્માને શાંતિ ઈચ્છીએ છીએ અને તેમના કુટુમ્બીઓપર આવી પડેલ આપત્તિ પ્રત્યે દિલસોજી દર્શાવીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. N. B. 431

# પરનિન્દા કરશો નહિ

જ્યારે મનમાં બીજાના દોષો જોવાની પ્રવૃત્તિ જાગે છે ત્યારે એ જ પોતાની અંદર આવી વસે છે, આ વાત ખૂબ જ સાચી છે. વિલંબ કર્યા વગર તત્કાળ એ પાપપ્રવૃત્તિને ભાંગીને ચૂરેચૂરા કરીને સાફ કરી નાખીએ તો જ ઉદ્ધાર છે, નહિ તો બધું બરાબર થઇ જશે. તમારી નજર બીજાનું કેવળ બુરૂં જ જોશે તો તમે કદી કોઇને ચાહી શકશો નહિ, કારણ કે જે સારું જોઇ શકતો નથી તે હરગીજ સારો થઈ શકતો નથી. તમારૂં મન જેટલું નિર્મળ હશે તેટલા તમારા ચક્ષુ નિર્મળ બનશે અને જગત પણ તમને નિર્મળ દેખાશે. તમે જે કાંઇ જુઓ તેમાં સૌથી પહેલાં સારું જ જોવાનો હૃદયપૂર્વક પ્રયત્ન કરો અને એજ અભ્યાસ તમારા હાડેહાડમાં ઉતારી દો. જો તમારી વાણી નિંદા અને કુથલીવાળી હોય અને બીજાનુ સારું બોલી શકતી ન હોય તો કોઇના વિષે મત ઉચ્ચારશો નહિ. એટલું જ નહિ તમારા આવા સ્વભાવ પ્રત્યે મનમાં અણગમો પેદા કરવાની કોશીશ કરજો–તેમજ ભવિષ્યમાં નિંદા–નરકની ત્યાગ કરવાની દઢ પ્રતિજ્ઞા કરજો. પરનિન્દા કરવી એ બીજાના દોષો ખોલીને પોતાને જ કલંકિત કરવા બરાબર છે. પરંતુ બીજાનું સારું બોલવાના અભ્યાસથી પોતાનો સ્વભાવ અજાણપણે સારો થતો જાય છે. કોઇ જાતની સ્વાર્થવૃત્તિથી બીજાની પ્રશંસા કરશો નહિ. એ તો ખુશામત જ છે. આવી દશામાં મન વાણી એક હોતાં નથી અને એ વળી બહુ જ ખરાબ છે, કારણ કે તેને લીધે સ્વતંત્ર મત પ્રકટ કરવાની શક્તિ હણાઈ જાય છે.

દિવ્ય જ્યોતિ

પ્રકાશક : ખીમચંદ ચાંપશી શાહ, શ્રી જૈન આત્માનંદ સભાવતી
મુદ્રક : હરિલાલ દેવચંદ શેઠ : : આનંદ પ્રિન્ટીંગ પ્રેસ : ભાવનગર.

For Private And Personal Use Only